


# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily


**સુવિચાર**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!


News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૧ અંક : ૨૯૯ તા.૨૯.૦૬.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 299 Dt. 29-06-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# દે ધનાધન ૧૦ ઇંચ...પહેલા વરસાદમાં જ ડૂબી ગયું દિલ્હી

**પ્રથમ વરસાદ સાથે દાયકા જુનો રેકોર્ડ તૂટ્યો હતો અને ૧૦ ઈંચ વરસાદને કારણે આખું શહેર પાણીમાં ગરકાવ થઈ ગયુ હતુ દિલ્હીમાં ઈમરજન્સી કન્ટ્રોલરૂમ શરૂ કરવા સાથે જવાબદારોની રજા રદ્દ કરી દેવાઈ વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પુરી જેવી સ્થિતી નિર્માણ પામી હતી**

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હી-એનસીઆરમાં શુક્રવાર સવારથી સતત વરસાદને કારણે આખું શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતુ. આ સિઝનના પ્રથમ ભારે વરસાદ બાદ મિન્ટો રોડ પર ફરી પાણી ભરાયા હતા અને તેમાં એક કાર ડૂબી ગઈ હતી. કાળા રંગની કાર મિન્ટો બ્રિજ નીચે પાણીમાં તરતી જોવા મળી હતી. દિલ્હી-એનસીઆરમાં વરસાદ બાદ દરેક જગ્યાએ પાણી ભરાઈ જવાની સમસ્યા જોવા મળી છે. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે જેના કારણે અનેક વાહનો થંભી ગયા હતા. વરસાદને કારણે અનેક જગ્યાએ ટ્રાફિક જામ સર્જાયો હતો.ભારે વરસાદને કારણે બ્રિજની નીચે પાણી ભરાઈ ગયા, ત્યારપછી અનેક વાહનો યુ-ટર્ન લેવા લઈ અન્ય રસ્તે ચાલ્યા હતા. જેના કારણે ટ્રાફિક જામ થયો હતો અને અનેક વાહનો વરસાદ વચ્ચે ઉભા જોવા મળ્યા હતા. દિલ્હીના મંડાવલીમાં રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે બસ બંધ પડી ગઈ હતી. દિલ્હી ટ્રાફિક પોલીસે પણ પાણી ભરાવાને લઈને એલર્ટ જાહેર કર્યું છે. આઝાદ માર્કેટ અંડરપાસ પર પાણી ભરાવાને કારણે



વીર બંદા બૈરાગી માર્ગ પરના બંને કેરેજવે પર ટ્રાફિકને અસર થઈ છે.તમને જણાવી દઈએ કે શુક્રવારે વહેલી સવારે હવામાનમાં અચાનક પલટો આવ્યો અને તેજ પવન સાથે દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ શરૂ થયો. વરસાદે લોકોને ગરમીથી રાહત આપી હતી, પરંતુ સાથે અપાર મુશ્કેલી પણ રાજધાનીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ના ટર્મિનલ ૧ પર એક મોટી દુર્ઘટના થઈ હતી.ભારે પવન અને વરસાદને કારણે ટર્મિનલ ૧ ની છત તૂટી પડી અને ઘણા વાહનો તેની સાથે અથડાઈ ગયા. ટેક્સીમાં બેઠેલા ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ટર્મિનલના તૂટેલા થાંભલા નીચે ક્ષતિગ્રસ્ત કારની અંદર એક વ્યક્તિ દટાયો હતો પાણીના એક-એક ટીપા માટે તરસતા દિલ્હીમાં શુક્રવારે પાણી જ પાણી જોવા મળ્યુ હતુ વરસાદને કારણે દિલ્હીના પોશ વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. લ્યુટિયન્સ દિલ્હીનો વિસ્તાર, જ્યાં સાંસદો, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રહે છે, એ પણ પાણીમાં ડૂબી ગયા હતા ભારે વરસાદના કારણે રસ્તા પર ૪ થી ૫ ફૂટ પાણી ભરાઈ ગયું, રસ્તા પર અનેક કાર ડૂબી ગઈ હતી એલજી સક્સેનાએ રાષ્ટ્રીય રાજધાનીમાં સજ્જતા અને કટોકટી પ્રતિભાવ પ્રણાલીના અભાવની વાત કરી હતી અને બેઠક યોજી આકરા નિર્ણય કર્યા હતા.

## જમીન કૌભાંડ કેસમાં ઝારખંડના પૂર્વ મુખ્યમત્રીને મળ્યા જામીન

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. કથિત જમીન કૌભાંડમાં ધરપકડ કરાયેલા હેમંત સોરેનને ઝારખંડ હાઈકોર્ટે આજે જામીન આપ્યા છે. ૧૩ જૂને કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. સોરેન ઘણા મહિનાઓથી જેલમાં છે. જામીન મળ્યા બાદ તે ટૂંક સમયમાં જેલમાંથી બહાર આવશે. સોરેન આજે સાંજ સુધીમાં અથવા તો આવતીકાલે જેલમાંથી બહાર આવી જશે.કથિત જમીન કૌભાંડમાં ઈઢએ આ વર્ષે ૩૧ જાન્યુઆરીએ હેમંત સોરેનની ધરપકડ કરી હતી. ઈઢએ હેમંત સોરેનની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. EDએ કહ્યું કે જામીન તપાસને અસર કરી શકે છે. જોકે, કોર્ટે ઈઢની વાત સાંભળી ન હતી અને જામીન આપ્યા હતા. આ પહેલા સોરેનની જામીન અરજી નીચલી કોર્ટે ફગાવી દીધી હતી. ઈઢના વકીલ એસવી રાજુએ સુનાવણી દરમિયાન કહ્યું હતું કે હેમંત સોરેને બરિયાતુના બડગાઈ વિસ્તારમાં ૮.૪૫ એકર જમીન પર અનધિકૃત રીતે કબજો કરી લીધો છે. જે PMLA ૨૦૦૨ માં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ મની લોન્ડરિંગ છે. આર્કિટેક્ટ વિનોદ સિંહે નકશો બનાવીને હેમંત સોરેનના મોબાઈલ પર મોકલી આપ્યો હતો. તેમજ સર્વે દરમિયાન વિનોદે બડગઈ ખાતે આવેલી જમીનની ઓળખ કરી હતી. મહેસૂલ કર્મચારી ભાનુ પ્રતાપ પ્રસાદે પણ હેમંત સોરેનને મદદ કરી હતી. ભાનુ પ્રતાપ પ્રસાદે પણ પોતાના નિવેદનમાં કબૂલ્યું છે કે મુખ્યમંત્રી કાર્યાલય તરફથી મળેલી સૂચનાઓ પર તેમણે બડગઈ ખાતે આવેલી જમીનની વિગતવાર વિગતો તૈયાર કરી આપી હતી.

## જીએસટીના રૂ. ૪૦૦ કરોડના બોગસ બિલિંગના કેસમાં ત્રણની ધરપકડ

રાજ્યના માલ અને સેવા કર (જીએસટી) વિભાગે ગુજરાતમાં રોલિંગ મિલો સાથે સંકળાયેલી નવ કંપનીઓને સંડોવતા કરચોરીના કેસમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે રૂ. ૪૦૦ કરોડના બોગસ બિલોનો ઉપયોગ રૂ. ૭૦.૭૧ કરોડની ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ગેરકાયદેસર દાવો કરવા માટે કરવામાં આવ્યો હતો. ધરપકડ કરાયેલા – અરવિંદ પટેલ, જસ્મીનકુમાર પટેલ અને કૃપેશકુમાર પટેલ – ફર્મના મેનેજર હતા. તપાસમાં જીએસટી કાયદાના ગંભીર ઉલ્લંઘનોનો પર્દાફાશ થયો, ખાસ કરીને કલમ ૧૩૨(૧),ગેરકાયદે ઇનપુટ ટેક્સ ક્રેડિટની પ્રાપ્તિ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. સામેલ કંપનીઓમાં નીલકંઠ એલોય (અરવિંદ પટેલ), કેપકો એલોય (કૃપેશ પટેલ) અને પ્રેસિડેન્ટ ઈન્ડસ્ટ્રીઝ (જાસ્મિન પટેલ)નો સમાવેશ થાય છે. આ કંપનીઓને રૂ. ૧૯૦.૪૩ કરોડના બિલ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું, જેમાંથી રૂ. ૩૪.૨૭ કરોડની ખોટી ટેક્સ ક્રેડિટ તરીકે ઓળખ કરવામાં આવી હતી. આ કંપનીઓ ટેક્સ ક્રેડિટમાં હેરફેર કરવા અને જીએસટીથી બચવા માટે કામ કરતી હતી, જેનાથી સરકારને નુકસાન થતું હતું. અરવિંદ અને જસ્મિનને ૨ જુલાઈ સુધી કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. ગુરુવારે કૃપેશની ધરપકડ કરવામાં આવી હતી.

## કર્ણાટકમાં પાર્ક કરેલી ટ્રક સાથે બસ અથડાઈ, ૧૩ લોકોના મોત

કર્ણાટકના હાવેરી જિલ્લાના બ્યાડગી તાલુકામાં શુક્રવારે વહેલી સવારે પાર્ક કરેલી ટ્રક સાથે વાન અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થયા છે અને અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પીડિતો શિવમોગ્ગાના રહેવાસી હતા અને બેલાગવી જિલ્લાના સાવદત્તીથી દેવી યલ્લમ્માના દર્શન કરીને તીર્થયાત્રા કરીને પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. તેમણે કહ્યું કે એવું લાગે છે કે બસ ડ્રાઈવર ઊંઘી ગયો હતો, જેના કારણે આ અકસ્માત થયો હતો. બ્યાડગી તાલુકાના ગુંદેનહલ્લી ક્રોસ ખાતે શુક્રવારે સવારે વાન અને લારી વચ્ચેની અથડામણમાં ૧૩ લોકોના મોત થયા હતા, પોલીસે જણાવ્યું હતું. આ દરમિયાન અન્ય ચાર ઘાયલ થયા હતા. આ અકસ્માત સવારે ૩.૪૫ કલાકે થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, વાન રસ્તાની બાજુમાં પાર્ક કરેલી લારી સાથે અથડાઈ હતી. હાવેરી જિલ્લાના બ્યાડગી ખાતે નેશનલ હાઈવે ૪૮ પર લારી પાર્ક કરવામાં આવી હતી. વાનમાં કુલ ૧૭ લોકો મુસાફરી કરી રહ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આમાંથી ૧૧ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય બેને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ચાર ઘાયલોમાંથી બે હોસ્પિટલના આઈસીયુમાં દાખલ છે. હાવેરીના પોલીસ અધિક્ષક અંશુ કુમાર શ્રીવાસ્તવે પીટીઆઈને જણાવ્યું કે પીડિતો ચિંચોલી માયમ્મા દેવસ્થાનથી શિવમોગ્ગા જિલ્લામાં તેમના વતન ગામ યેમેહટ્ટી જઈ રહ્યા હતા. ટ્રક હાઈવેની સાઈડમાં ઉભી હતી. ટેમ્પો ટ્રાવેલરે ટ્રકને પાછળથી ટક્કર મારી હતી.

## ભારે વરસાદ રજાઓ રદ : કંટ્રોલ રૂમ બનાવાશે

દિલ્હીમાં શુક્રવાર (૨૮ જૂન) સવારથી સતત વરસાદને કારણે સામાન્ય લોકો માટે મુશ્કેલી ઉભી થઈ છે. જે બાદ દિલ્હી સરકારે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે,લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ અધિકારીઓને પાણી ભરાવાની સમસ્યાને પહોંચી વળવા ઈમરજન્સી કંટ્રોલ રૂમની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો હતો. લેફ્ટનન્ટ ગવર્નરે પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી અને તમામ અધિકારીઓની રજાઓ રદ કરી હતી. પહેલા વરસાદમાંજ આવી સ્થિતિને કારણે દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર અધિકારીઓ પાસેથી સતત માહિતી મેળવી હતી પરિસ્થિતિની ચર્ચા કરવા માટે દિલ્હી સરકારના મંત્રીઓએ પણ એક અલગ બેઠકમાં હાજરી આપી હતી,એક દિવસમાં ૨૪૪.૪ મીમી વરસાદ બાદ આગામી બે દિવસમાં પણ વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. ત્યારે સ્થિતી સુધારવા માટે નિર્દેશ અપાયા છે.

## ભારે વરસાદમાં છત પડતા એકનું મોત

મુશળધાર વરસાદને કારણે દિલ્હી-એનસીઆરઈની હાલત ખરાબ થઈ ગઈ છે. સર્વત્ર રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદને કારણે આઈજીઆઈ એરપોર્ટ પર મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ટર્મિનલ ૧ ની છતનો એક ભાગ તૂટી પડ્યો.હતો આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સારવાર ચાલી રહી છે.ટર્મિનલ-૧ પર છત પડી જવાથી સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. બપોરે ૨ વાગ્યા સુધી ઘણી ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે, મૃતકોના પરિવારને ૨૦ લાખ રૂપિયા અને ઘાયલોના પરિવારને ૩-૩ લાખ રૂપિયાનું વળતર મળશે.દિલ્હી પહેલા વરસાદમાં જ પાણીમાં ફેરવાઈ ગયું હતુ. અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાયા છે. પૂર જેવી સ્થિતિ જોવા મળી હતી

## નેતાજીને ઉંચકવા પડ્યા, કાઉન્સિલરે બોટ ચલાવી

ચૂંટણીઓ વખતે નેતાઓ લોકોની સમસ્યાઓ દૂર કરવા જાત જાતના વચનો આપે છે. પણ આ નેતાઓ પ્રજાની સમસ્યા તો દૂર પણ વરસાદી પાણીની સમસ્યાથી ડરીને તેમાં વધુ નહીં પણ માત્ર બે-ચાર ડગલા ચાલીને જવાને બદલે પોતાના સ્ટાફની મદદથી વરરાજા ની જેમ તેમને ઉંચકીને કારના દરવાજા સુધી લઇ જવા પડે છે.દિલ્હી-એનસીઆરના પહેલા વરસાદે સામાન્ય જનતાની સાથે સાથે 'માનનીય લોકો' માટે પણ મુશ્કેલી ઉભી કરી છે. દિલ્હીના સૌથી પોશ વિસ્તારોમાં રહેતા વરિષ્ઠ નેતાઓ પણ બાકાત નથી રામ ગોપાલ સંસદ જવા માટે તેમના ઘરની બહાર નીકળ્યા ત્યારે ઘરની અંદરના ભાગમાં પાણી ભરાઈ જવાથી તેમના સ્ટાફે તેમને હાથમાં ઉચકીને લઈને જવું પડ્યું હતું. કર્મચારીઓ તેમને પોતાના ખોળામાં લઈ આવ્યા અને કારમાં બેસાડ્યા.બીજી તરફ બીજેપી કાઉન્સિલરો દિલ્હીના રસ્તાઓ પર બોટ સવારી કરવા નીકળ્યા હતા સોસીયલ મિડીયામાં આ વિડીયો વાયરલ થયા હતા જેમાં ભાજપ કાઉન્સીલરે આમ આદમી પાર્ટીની નિષ્ફલતા દર્શાવવા માટે અને સ્થિતી દર્શાવવા માટે આ કામ કર્યુ હતુ નેગીએ દિલ્હીમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉઠાવી અને કહ્યું કે પીડબલ્યુડી ગટર ઓવરફ્લો થઈ રહી છે. દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે ગટરોની સફાઈ કરાવી નથી.

**દિલ્હીમા વરસાદી મુશ્કેલી સાથે રાજકારણ પણ ગરમાયુ છે. કોગ્રેસ અધ્યક્ષે એરપોર્ટ દુર્ઘટના પર સવાલો ઉઠાવ્યા હતા તો બીજી તરફ દિલ્હીની સ્થિતી પર વિરોધી પાર્ટીએ સવાલો ઉઠાવ્યા હતા. જો કે આ વચ્ચે પ્રથમ વરસાદે જ લોકો મુશ્કેલીમાં મુકાતા ચોમાસા દરમ્યાન દિલ્હીમાં શુ પરિસ્થિતી સર્જાશે તે અંગે લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી. કોંગ્રેસનાં શશિ થરૂરે આ તસવીર પોતાના X અકાઉન્ટ પર શેર કરી. તેમણે લખ્યું કે-આ દિલ્હીનો હાલ છે. દિલ્હીના જળ મંત્રી આતિશીના ઘરમા પણ પાણી ભરાયા હતા દેશની રાજધાનીના આવા હાલની ચર્ચા સમગ્ર દેશમા થઇ હતી. જો કે પાણી તરસ્યા દિલ્હીને વરસાદથી રાહત મળી હતી પરંતુ લાખો લોકો મુશ્કેલીમાં પણ મુકાયા હતા.**

# નીટ મામલે બંને ગૃહમાં હંગામો : રાહુલની વડાપ્રધાનને ચર્ચા કરવા અપીલ

**નીટ મુદે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી ૧ જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી હતી કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે જ્યારે રાહુલ ગાંધી ગૃહમાં પોતાના વિચારો રજૂ કરી રહ્યા હતા ત્યારે તેમનું માઈક બંધ થઈ ગયું હતું. વિપક્ષ સ્થગિત દરખાસ્ત લાવ્યા લોકસભા સ્પીકરે કહ્યું કે, નિયમો અનુસાર આમ ન થાય**

નવી દિલ્હી, તા.૨૮

લોકસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન બોલવા ઊભા થયેલા વિપક્ષ ના નેતા રાહુલ ગાંધીનું માઈક બંધ થઈ ગયું હતું. નીટ પેપર લીકના મુદ્દે તેમનું માઈક બંધ કરી દેવામાં આવ્યું. કોંગ્રેસ સાંસદ દીપેન્દ્ર હુડ્ડાએ આક્ષેપ લગાવ્યો છે કે, દ્મઈઈ ના પેપર લીક કેસની ચર્ચાની માંગ દરમિયાન, વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું માઈક બંધ કરવામાં આવ્યું હતું. વિપક્ષના નેતા માટે માઈક સ્વીચ ઓફ કરવું શરમજનક છે. સરકારને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા નથી. રાહુલને એક મિનિટ પણ બોલવા દેવામાં આવ્યા ન હતા.

દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે દેશમાં સતત પેપર લીક થવાના કારણે યુવાનોનું ભવિષ્ય બગડ્યું છે. હરિયાણામાં પેપર લીકના કેસ સૌથી વધુ જોવા મળ્યા છે. નીટ પરીક્ષામાં પેપર લીક થયું અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન જવાબદારીથી ભાગી રહ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે આ મુદ્દો ગૃહમાં ઉઠાવવામાં આવ્યો ત્યારે વિપક્ષના નેતા રાહુલ ગાંધીનુ માઈક બંધ થઈ ગયું હતું. જો વિપક્ષના નેતાનું માઈક બંધ થઈ જશે તો અન્ય સાંસદોમાં રોષ જોવા મળશે. અમે માંગ કરીએ છીએ કે આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવે.

આજે સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિ ના સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચા થઈ રહી હતી. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ દ્મઈઈના મુદ્દે ગૃહમાં હંગામો થયો હતો. ત્યાર બાદ લોકસભાની કાર્યવાહી, પહેલા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. આ પછી, જ્યારે કાર્યવાહી ફરીથી શરૂ થઈ, ત્યારે પણ નીટ પેપર લીક કેસ મુદ્દે વિપક્ષે મચાવેલા હોબાળાને પગલે, લોકસભાની કાર્યવાહી આગામી સોમવારના સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં નીટ પેપર લીકનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખડગેએ કહ્યું કે નીટ પર નિયમ ૨૬૭ હેઠળ ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું કે એનડીએ સરકાર દરમિયાન ૭ વર્ષમાં ૭૦ વખત પેપર લીક થયા હતા. રાજ્યસભામાં વિપક્ષ સતત આની માંગ કરી રહ્યો હતો. આ પછી કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. જ્યારે કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે વિપક્ષી સાંસદોએ 'પેપર લીક બંધ કરો'ના નારા લગાવ્યા હતા.

### શુ નીટ ગેરરીતિ પર ચર્ચા થશે?

નીટ મામલે ચર્ચાની માંગ દરમિયાન અધ્યક્ષ અને વિપક્ષના નેતા ખડગે વચ્ચે વિવાદ થયો હતો. હંગામા વચ્ચે ખડગે અધ્યક્ષની ખુરશી પાસે પહોંચ્યા, જેના પર ધનખડ ગુસ્સે થઈ ગયા બીજી તરફ રાહુલ ગાંધીએ કહ્યું, 'હું પીએમને વિનંતી કરું છું કે તેઓ નીટ મુદ્દે સન્માનપૂર્વક ચર્ચા કરે. દેશના યુવાનો નર્વસ છે. તેઓ જાણતા નથી કે શું થવાનું છે. સંસદમાંથી સંદેશો આપવો જોઈએ કે સરકાર અને વિપક્ષ તેમની ચિંતાઓને લઈને સાથે છે.તો બીજી તરફ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, "સરકાર તમામ પ્રકારની ચર્ચાઓ માટે તૈયાર છે, પરંતુ બધું મર્યાદામાં હોવું જોઈએ. જ્યારે રાષ્ટ્રપતિએ પોતે ગઈકાલે તેમના ભાષણમાં પરીક્ષાઓ વિશે વાત કરી, ત્યારે તે સરકારને બતાવે છે કે અમે તૈયાર છીએ. સરકારની જવાબદારી દેશના યુવાનો પ્રત્યે છે, તો પછી અમે કડક કાર્યવાહી કરવા જઈ રહ્યા છીએ અને સીબીઆઈ કોઈને બક્ષશે નહીં સુધારણા માટે સમિતિ પણ બનાવવામાં આવી છે જો કે અત્યાર સુધીની સ્થિતી જોતા ચર્ચા થશે કે નહી તે એક મોટો પ્રશ્ન છે.

## મુંબઈની લોકલમાં મુસાફરી યુદ્ધ લડવા જેવું : બોમ્બે હાઈકોર્ટ લાલઘૂમ

મુંબઈ,તા.૨૮

મુંબઈ ઉપનગરીય રેલવેમાં રોજેર-ોજ પાંચથી સાત મૃત્યુ થતા હોવાની ચોંકાવનારી બાબતે રેલવેને ધ્યાન આપવાની હાકલ કરી બોમ્બે હાઈ કોર્ટે આ મુદ્દે ઉચ્ચ સ્તરીય અભ્યાસ હાથ ધરવા નિષ્ણાતોની કમિટી તૈયાર કરવાનું સૂચન કર્યું હતું. કોર્ટે એડિશનલ સોલિસિટર જનરલ દેવાંગ વ્યાસને રેલવે વતી સહાયતા કરવા વિનંતી કરી હતી. મોટી સંખ્યામાં પ્રવાસીઓ રેલવેનો વપરાશ કરતા હોવાનું કારણ આપવાના બદલે અસરકારક ઉપાય શોધવા અને ઉચ્ચ સ્તરના અધિકારીઓ પર જવાબદારી નક્કી કરવાનું મુખ્ય ન્યાયમૂર્તિ દેવેન્દ્ર ઉપાધ્યાયની બેન્ચે રેલવેને જણાવ્યું હતું અને કહ્યું કે, 'આ વખતે અમે ઉચ્ચાધિકારીઓને જવાબદાર ઠેરવીશું. મુંબઈની સ્થિતિ દયનીય છે. રોજના ૩૫ લાખ લોકો પ્રવાસી કરતા હોવાના આંકડાથી રાજી થઈને તમે સારું કામ કરતા હોવાનું કહી શકો નહીં.' મુંબઈની લોકલ ટ્રેનમાં દરરોજ લાખો લોકો મુસાફરી કરે છે. ઘણી વખત ખીચોખીચ ભરેલી ટ્રેનોમાં મુસાફરો અકસ્માતનો ભોગ બને છે. હવે મુસાફરોના મૃત્યુની વધતી સંખ્યાને જોઈને બોમ્બે હાઈકોર્ટે મધ્ય અને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરોને ફટકાર લગાવી છે. કોર્ટે તેમની પાસેથી વ્યક્તિગત રીતે વેરિફાઈડ એફિડેવિટ મંગાવી હતી. આ સિવાય કોર્ટે આ ગંભીર મુદ્દાના ઉકેલ માટે એડિશનલ સોલિસિટર જનરલ દેવાંગ વ્યાસની પણ મદદ માંગી હતી.

મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર ઉપાધ્યાયે સુનાવણી દરમિયાન કહ્યું કે, 'આ શબ્દનો ઉપયોગ કરવા બદલ હું દિલગીર છું. હું શરમ અનુભવું છું કે કેવી રીતે મુસાફરોને સ્થાનિક સ્તરે આવી મુસાફરી કરવા માટે મજબૂર કરવામાં આવે છે, જેના કારણે તેમને પોતાનો જીવ પણ ગુમાવવો પડી શકે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે પ્રતિ હજાર મુસાફરો મૃત્યુદર લંડન કરતા ઓછો હશે.

## મહારાષ્ટ્રમાં વિધાનસભા ચુંટણી પહેલાના બજેટમાં મોટી જાહેરાત !

**ખેડૂતોનું વીજળી બિલ માફ કરવામાં આવ્યું છે અને ખેતી માટે પ્રતિ હેક્ટર ૫,૦૦૦ રૂપિયા બોનસની જાહેરાત કરવામાં આવી છે.ગરીબ પરિવારોને દર વર્ષે ૩ મફત ગેસ સિલિન્ડર અને ૨૧ થી ૬૦ વર્ષની મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા રોકડ આપવાનો નિર્ણય કર્યો છે**

મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે ૨૦૨૪-૨૫ના રાજ્યના બજેટમાં ૨૧ થી ૬૦ વર્ષની વયજૂથની લાયક મહિલાઓને ૧,૫૦૦ રૂપિયા માસિક ભથ્થાની નાણાકીય સહાય યોજનાની જાહેરાત કરી હતી. ફાઈનાન્સ પોર્ટફોલિયો ધરાવતા પવારે વિધાનસભામાં તેમના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે "મુખ્યમંત્રી મારી લડકી બહુન યોજના" યોજના ઓક્ટોબરમાં રાજ્યની ચૂંટણીના ચાર મહિના પહેલા જુલાઈથી લાગુ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે આ યોજના માટે વાર્ષિક બજેટમાં રૂ. ૪૬,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે. અન્ય કલ્યાણકારી યોજનાની જાહેરાત કરતા નાણામંત્રીએ કહ્યું કે પાંચ જણના પાત્ર પરિવારને 'મુખ્યમંત્રી અન્નપૂર્ણા યોજના' હેઠળ દર વર્ષે ત્રણ મફત એલપીજી સિલિન્ડર મળશે.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને એનસીપીના વડા અજિત પવાર કહે છે, "અમે મહારાષ્ટ્રમાં કપાસ અને સોયાબીનના પાક માટે તમામ ખેડૂતોને પ્રતિ હેક્ટર ૫૦૦૦ રૂપિયા બોનસ આપીશું. અમે દૂધ ઉત્પાદક ખેડૂતોને પ્રતિ લિટર ૫ રૂપિયા બોનસ પણ આપીશું." ૧ જુલાઈ, ૨૦૨૪ પછી, સરકારે પ્રાણીઓના હુમલાથી મૃત્યુના કિસ્સામાં નાણાકીય સહાયમાં વધારો કર્યો છે, હવે પરિવારના સભ્યોને પહેલા ૨૦ લાખ રૂપિયાના બદલે ૨૫ લાખ રૂપિયા મળશે.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને એનસીપીના વડા અજિત પવારે વિધાનસભામાં કહ્યું, "અમે મહારાષ્ટ્ર સરકારની સીએમ અન્ના છાત્ર યોજના હેઠળ તમામ પરિવારોને દર વર્ષે ૩ મફત સિલિન્ડર આપીશું." મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને એનસીપીના વડા અજિત પવારે રાજ્યની વિધાનસભામાં જાહેરાત કરી છે કે અમે મુખ્યમંત્રી મારી લડકી બહેન (સીએમ મારી પ્રિય બહેન)ની ઘોષણા કરી રહ્યા છીએ. આ અંતર્ગત તમામ મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવશે. આ યોજના જુલાઈ ૨૦૨૪ થી લાગુ કરવામાં આવશે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બજેટમાં જાહેરાત કરી છે કે મુંબઈ ક્ષેત્રમાં પેટ્રોલ અને ડીઝલ પરના ટેક્સમાં ઘટાડો કરવામાં આવશે. મુંબઈ ક્ષેત્ર માટે ડીઝલ પરનો ટેક્સ ૨૪ ટકાથી ઘટાડીને ૨૧ ટકા કરવામાં આવી રહ્યો છે, જેનાથી ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૨નો અસરકારક ઘટાડો થયો છે. મુંબઈ ક્ષેત્રમાં, પેટ્રોલ પરનો ટેક્સ ૨૬% થી ઘટાડીને ૨૫% કરવામાં આવી રહ્યો છે, જેનાથી પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૬૫ પૈસાનો ઘટાડો થશે.મહારાષ્ટ્ર સરકારે આર્થિક રીતે નબળા પરિવારોની છોકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે નાણાકીય સહાયની જાહેરાત કરી છે. રાજ્યની ૨ લાખ છોકરીઓ માટે ૨ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

નાણામંત્રી અજિત પવારે બજેટમાં ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના ૪૬ લાખ ૬ હજાર ખેડૂતોની વીજળી માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ જંગલી પ્રાણીઓના હુમલામાં માર્યા ગયેલા વ્યક્તિના પરિવારને ૨૫ લાખ રૂપિયા સુધીની આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારે જાહેરાત કરી કે સરકાર મહારાષ્ટ્રમાં કપાસ અને સોયાબીનના પાક માટે તમામ ખેડૂતોને પ્રતિ હેક્ટર ૫૦૦૦ રૂપિયાનું બોનસ આપશે. દૂધ ઉત્પાદક ખેડૂતોને પણ પ્રતિ લિટર ૫ રૂપિયા બોનસ મળશે. ૪૩ લાખ ખેડૂતોને સોલાર એગ્રીકલ્ચર પંપ આપવામાં આવશે, તેઓ કૃષિ પંપ માટે મફત વીજળી મેળવી શકશે. નાણામંત્રી અજિત પવારે મહાગઠબંધન સરકાર વતી વધારાનું બજેટ રજૂ કર્યું. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ બજેટમાં ઘણી મોટી અને મહત્વની જાહેરાતો કરવામાં આવી છે.

## જમ્મુ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટુકડી રવાના

જમ્મુ અને કાશ્મીર, તા.૨૮

બાબા બર્ફાનીના દર્શન માટે દર વર્ષે યોજાતી અમરનાથ યાત્રા શરૂ થઈ ગઈ છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શુક્રવારે (૨૮ જૂન) સવારે ૪.૩૦ વાગ્યે જમ્મુના બેઝ કેમ્પથી ભક્તોની પ્રથમ બેચને ફ્લેગ ઓફ કરી હતી. ભક્તોનું આ જૂથ બપોરે ૨ વાગ્યે દક્ષિણ કાશ્મીર ના પહેલગામ અને મધ્ય કાશ્મીર ના બાલતાલ પહોંચી હતી. એલજી સિંહાએ એક દિવસ પહેલા જમ્મુમાં યાત્રી નિવાસ ભવનની મુલાકાત લીધી હતી. આ પહેલા એલજી દક્ષિણ કાશ્મીર ના અનંતનાગમાં પહેલગામ બેઝ કેમ્પ પણ પહોંચ્યા હતા. અહીં તેમણે સુરક્ષા સંબંધિત બેઠકની અધ્યક્ષતા કરી હતી. તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધ્યક્ષ પણ છે.૫૨-દિવસીય તીર્થયાત્રા ૨૯ જૂને બે માર્ગો દ્વારા શરૂ થશે - અનંતનાગમાં પરંપરાગત ૪૮ કિમી લાંબો નુનવાન-પહલગામ માર્ગ અને ગાંદરબલમાં ટૂંકો, પરંતુ અઘરો, ૧૪ કિમીનો બાલટાલ માર્ગ. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, શહેરના શાલીમાર વિસ્તારમાં નોંધણી વગરના શ્રદ્ધાળુઓ માટે સ્થળ પર જ નોંધણી કેન્દ્ર બનાવવામાં આવ્યું છે, જ્યારે રામ મંદિરમાં સાધુઓની નોંધણી માટે એક વિશેષ શિબિર બનાવવામાં આવી છે. પુરાણી મંડીમાં સંકુલ.અધિકારીઓના જણાવ્યા અનુસાર, કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૧૬૦૦ શ્રદ્ધાળુઓ કાશ્મીરની આગળની યાત્રા માટે ભગવતી-નગર બેઝ કેમ્પ પહોંચ્યા હતા. બેઝ કેમ્પ પર ભીડ એકઠી થઈ રહી છે. મહિલાઓ સહિત ૮૦૦થી વધુ સાધુઓ પરંપરાગત રામ મંદિર અને ગીતા ભવન પહોંચ્યા હતા. અહીં આવતા ભક્તો દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૦ મીટર ઉંચી પવિત્ર ગુફા મંદિરમાં કુદરતી રીતે બનેલા બરફના શિવલિંગને જોવા માટે ઉત્સાહિત છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજનો દિવસ આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. આજે તમે સારું એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા ઠીક છે પણ જો તે એક હદ વટાવે તો તેનાથી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ. સંબંધીઓને કારણે તમારી વચ્ચે તકરાર થવાની શક્યતા છે

**વૃષભ :**
આજનો દિવસ તમારું ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. પરિવારનું તમામ દેવું તમે ચૂકવી શકશો. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. આજે તમારી પાસે મફત સમય હશે અને તમે આ સમય નો ઉપયોગ ધ્યાન યોગ કરવા માટે કરી શકો છો. આજે તમને માનસિક શાંતિ નો અનુભવ થશે. તમારા જીવનસાથીની તબિયત બગડતી તબિયતને કારણે તમે આજે તાણ હેઠળ રહેશો.

**મિથુન :**
આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થઈ શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથમિકતા હોવી જોઈએ. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે. તમારો અભિપ્રાય પૂછ્યા ત્યારે શરમાતા નહીં-કેમ કે તમારા અભિપ્રાય માટે તમારા ખાસ્સા વખાણ થવાના છે. તમારી જીવનસંગિનીને નિયમિત ધોરણે સરપ્રાઈઝ આપો, અન્યથા તેને લાગશે કે તમારા જીવનમાં તેનું કોઈ મહત્વ જ નથી.

**કર્ક :**
આજનો દિવસ ફિટનેસ તથા વેટ લોસ પ્રોગ્રામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? આજે તમારા લગ્નજીવનમાં બધું જ ખુશખુશાલ જણાય છે.

**સિંહ :**
આજનો દિવસ મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી જાતને મોટા ગ્રૂપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે-પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારું રોમેન્ટિક જીવન પણ અપવાદ નથી. દિવસ ની શરૂઆત ભલે થોડી મંદ હોય પરંતુ જેમ જેમ દિવસ વધશે તમને સારા ફળ મળવા લાગશે? દિવસ ના અંત માં તમને પોતાના માટે સમય મળી શકશે અને તમે કોઈ નજીકી થી મુલાકાત કરી આ સમય નું સદુપયોગ કરી શકો છો.

**કન્યા :**
આજનો દિવસ તમારું મોહિત કરનારું વર્તન ધ્યાન આકર્ષિત કરશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો પ્રવાહ વહેતો થશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો. આજે, તમારી જીવનસંગિની તમારા જીવનની સૌથી કટોકટી ભરી બાબતમાં ટેકો આપશે. શિસ્ત એ સફળતા ની ચાવી છે. ઘર ની વસ્તુઓ વ્યવસ્થિત રીતે લગાવવા થી જીવન માં શિસ્ત આવી શકે છે.

**તુલા :**
આજનો દિવસ તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહોલ જેવો રોગચાળો બની રહ્યું છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથે તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારા સાથીદારને ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. આજે અનેક બાબતો ઊભી થશે-જેના પર તમારે તાત્કાલિક ધ્યાન આપવું પ ડશે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

**વૃશ્ચિક :**
આજનો દિવસ તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો તથા પરિવારની જરૂરિયાતોને અનુરૂપ થજો. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો. પ્રવાસ કરવા માટે બહુ સારો દિવસ નથી. તમારા વ્યસ્ત સમયપત્રકને કારણે તમારા જીવનસાથી તમારી વફાદારી પર શંકા કરશે, પણ દિવસના અંતે તેને આ વાત સમજાશે અને તે તમને આલિંગન આપશે.

**ધન :**
આજનો દિવસ ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેના નિર્ણયમાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને આજે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાજુ જોવા મળશે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો. તમારા જીવનસાથી સાથે આ તમારો સૌથી રોમેન્ટિક દિવસ બની રહેશે.

**મકર :**
આજનો દિવસ તમારું ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે. આજે તમે તમારા મગજને ક્સોટીની એરણ પર મુકશો-તમારામાંના કેટલાક શતરંજ, ક્રોસવર્ડ રમવા પ્રેરાશે તો કેટલાક વાર્તા કે કવિતા લખવા અથવા ભાવિ યોજનાઓ ઘડવા તરફ વળશે. તમારું લગ્નજીવન આજે એક અદભુત તબક્કો જોશે.

**કુંભ :**
આજનો દિવસ સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદા-કારક ઠરશે-તમને તમારી જાત માટે સારું લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લોકો સાથે ગેરસમજ દૂર થશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારું પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથીને ખુશ રાખવામાં સમર્થ હશો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી. એકબીજા માટેની એકમેકની સુંદર લાગણીઓ વિશે આજે તમારી વચ્ચે બહુ સારો સંવાદ થશે. તમારી રચના ને નવું પરિમાણ આપવા માટે સારો દિવસ.

**મીન :**
આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. આધ્યાત્મિક ગુરૂ અથવા કોઈક વડીલ તમને માર્ગદર્શન પૂરૂં પાડશે.

# રાપરના પ્રાણ પ્રશ્નોએ પૂર્વ ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રી અને પા.પુ. મંત્રીને રૂબરૂ રજૂઆત

### રાપરમાં સીટી સર્વે કચેરી શરૂ કરવા તથા પાણી સમસ્યાના કાયમી ઉકેલ માટે નંદાસર પાસે સરકારી ટાવર્સ પૈકીની જમીન માં સ્ટોરેજ તળાવ બનાવવા પંકજ મહેતાની માંગ

ભુજ તા.૨૮

રાપર શહેરના મહત્વના એવા પીવાના પાણી અને રાપર મધ્યે સી.ટી.સર્વે કચેરી શરૂ કરવા માટે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતા દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાને ગાંધીનગર ખાતે રૂબરૂ મળી રજુઆતો કરી હતી

રાપર મધ્યે સી.ટી.સર્વે કચેરી શરૂ કરવાની જરૂરિયાત સંદર્ભે મુખ્યમંત્રીને શ્રી મહેતાએ જણાવ્યુ હતુ કે, રાપર શહેર તેમજ તાલુકાના લોકોને સી.ટી.સર્વે, પ્રોપર્ટી કાર્ડ, સનદ,વેરા કે અન્ય કોઈ પણ કામ હોય તો ૧૧૦ કી.મી નું અંતર કાપીને છેક અંજાર જવુ પડે છે. રાપર શહેર તથા તાલુકાનો હરણફાળ વિકાસ થઈ રહ્યો છે, રાપરએ નગર પાલિકા વિસ્તાર છે તથા તેની અંદાજિત ૪૦ હજારથી વધુ વસ્તી છે, જે શહેરમાં પ્રોપર્ટી કાર્ડ ન હોવાના કારણે માત્ર નગર પાલિકાના દાખલાના આધારે અનેક દસ્તાવેજો બની રહયા છે, જેના કારણે અન અધિકૃત પ્રોપર્ટીઓનું ખરીદ વેચાણ થતું હોય છે અને જેનાથી અનેક નાગરિકો છેતરાઈ પણ રહ્યા છે, ત્યારે આ મુશ્કેલીઓ નિવારવા માટે રાપરમાં સી.ટી.સર્વે કચેરી શરૂ કરવી ખુબ જ જરૂરી અને અનિવાર્ય બન્યું છે. જ્યારે રાપર શહેરના પાણી પ્રશ્ને પાણી પુરવઠા મંત્રી શ્રી બાવળિયાની રૂબરૂ મુલાકાત દરમ્યાન પૂર્વ ધારાસભ્ય શ્રી મહેતાએ જણાવ્યું હતું કે, હાલ રાપર શહેરની ચાલીસ હજારની વસ્તી માટે નર્મદા કેનાલ આધારિત યોજના કાર્યરત છે, જે કેનાલમાં પાણી હોય ત્યારે જ માત્ર કાર્યરત હોય છે, જયારે કેનાલમાં કોઈ ક્ષતિ થાય અથવા અન્ય કારણો સર કેનાલ બંધ રહે તેવા સમયે રાપર શહેરમાં પાણીની વિકટ સમસ્યા સર્જાતી હોય છે. શહેરને પાણી માટે નર્મદા કેનાલથી નગાસર તળાવમાં સ્ટોરેજ બનાવેલ છે, પરંતુ તેમાં ફક્ત એક માસ સુધી ચાલી શકે તેટલું જ પાણી સંગ્રહ થાય તેમ છે, અગાઉના કિસ્સામાં નર્મદા કેનાલ ૨ થી ૩ માસ બંધ રહેલ તેવા સમયે શહેરે પાણી સમસ્યાનો ગંભીર સામનો કરેલ હતો. રાપર શહેરને કુવા, બોર કે અન્ય કોઈ રીતે પાણી પુરુ પાડવાના કોઈ શોર્સ ઉપલબ્ધ નથી, તેમજ આજુબાજુ આવેલ પાણીના શોર્ષમાં પણ ૩૫૦૦ ટી.ડી.એસ. થી વધુ હોઈ માનવ તથા પશુઓ આ પાણીનો ઉપયોગ કરી શકે તેમ નથી. તે ઉપરાંત પાણી પુરવઠાની બીજી કોઈ પણ યોજનાથી રાપરને પાણી પુરુ પાડવામાં આવતું નથી. રાપર શહેર હાલ એક માત્રને માત્ર નર્મદા કેનાલ આધારિત પાણી વહેચણીને આધારીત છે, જેથી રાપર શહેરને ઉનાળામાં કે અન્ય કોઈ કારણોસર પડતી પિવાના પાણીની સમસ્યાના નિવારણ માટે તાલુકાના નંદાસર ગામે નર્મદા કેનાલની બાજુમાં ઉપલબ્ધ સરકારી ટાવર્સ પૈકી ૫૮૪ સર્વે નંબર વાળી જગ્યામાં પર સ્ટોરેજ તળાવ બનાવવાથી ખૂબ મોટા પ્રમાણમાં પાણી સગ્રહ થઈ શકે તેમ છે, જેના દ્વારા રાપર શહેરને જરૂરત મુજબ પીવાનું પાણી મળી રહે તેમ હોઈ વધારાનું સ્ટોરેજ તળાવ બનાવવાની રજુઆત સાથે માંગ કરવામાં આવી હતી.

રજુઆતોને ધ્યાને લઈ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ તેમજ પાણી પુરવઠા મંત્રી દ્વારા હકારાત્મક પ્રતિસાદ સાંપડશે તેવો આશાવાદ શ્રી મહેતાએ વ્યક્ત કર્યો હતો.

# કંડલામાં નશામુકત ભારતના સ્વપ્નને સાકાર કરવા સમજ અપાઈ



કંડલા તા.૨૮

૨૬ જૂનના ડ્રગ્સ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કચ્છમાં નશાકારક ડ્રગ્સની ભયાનક અસરો સામે જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. યુવાનોને ડ્રગ્સની ખરાબ અસરો બાબતે માહિતી અને માર્ગદર્શન આપ ીને "નશામુક્ત ભારત "ના સ્વપ્નને સાકાર કરવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અનુસંધાને રૂષાન ફાર્મા લી, કાસેઝ, કંડલા ખાતે કામદાર સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં કચ્છ અતિથિ વિશેષ તરીકે જિલ્લાના ભૂતપૂર્વ સાંસદ પૂનમ જાટ, કચ્છ જિલ્લાના કામદાર યુનિયનના પ્રમુખ અને જિલ્લાના અગ્રણી વેલજી જાટ, નશાબંધી અને આબકારી ખાતાના અધિક્ષક ટી.એન.ધામેચા, રૂષાન ફાર્માના જનરલ મેજનર રાજેશ તથા કંપનીના કામદારો તેમજ કચ્છ જિલ્લાની નશાબંધી અને આબકારી ખાતાની ટીમ હાજર રહી હતી.કાર્યક્રમમાં નશાબંધી અન આબકારી ખાતાના અધિક્ષક દ્વારા નશાકારક માદક દ્રવ્યોના સેવનથી શરીર,પરિવાર અને સમાજ પર થતાં નુકશાન વિષે સમજ આપવામાં આવી હતી. જિલ્લાના કામદાર યુનિયનના પ્રમુખ વેલજી જાટે માદક દ્રવ્યો, દારૂ અને અન્ય વ્યસનના દૂષણો વિષે સરકાર દ્વારા કરાયેલી વિવિધ પરિણામલક્ષી પ્રયાસોની સરાહના કરી અને કામદારોને સંબંધીત કાયદાઓ તેમજ ભંગ બદલ ગંભીરતા દાખવવા સમજ આપી હતી.

# વરાડીયાના ખેડૂત પ્રાકૃતિક રીતે જુવાર, બાજરીની ખેતી કરી નોંધપાત્ર કમાણી કરે છે



### ૧૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ઓસમાનભાઇએ ધાન્યપાક સાથે રોકડીયા પાક લઇને જમીનનું બંધારણ સુધાર્યું છે

ભુજ તા.૨૮

કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરવામાં અબડાસા તાલુકાના ખેડૂતો પણ અગ્રેસર છે. વરાડિયાના ઓસમાણ અલીમામદ બકાલી છેલ્લા ૧૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરીને અન્ય કિસાનો માટે પ્રેરણારૂપ બન્યા છે. વડાપ્રધાન દ્વારા મિલેટને વિશ્વભરમાં પ્રમોટ કરવામાં આવી રહ્યું છે ત્યારે ઓસમાનભાઇ પ્રાકૃતિક રીતે મિલેટ પૈકી જુવાર,બાજરીનું નોંધપાત્ર ઉત્પાદન મેળવી રહ્યા છે, તેઓ જણાવે છે કે,ચાર એકરમાં તેઓ બાજરીનું ઉત્પાદન કરી રહ્યા છે. અત્યારસુધી આત્મા હેઠળ પ્રાકૃતિક ખેતીની વિવિધ તાલીમમાં ભાગ લઈને આ કૃષિ વિશે વધુ જાણકારી પ્રાપ્ત કરી જેના થકી તેઓ આજે સફળતાપૂર્વક ખેતી કરી રહ્યા છે. તેઓ ઉમેરે છે કે, પ્રાકૃતિક ખેતીમાં હાલ તેઓ ધાન્ય પાકમાં બાજરી, જુવાર ઉપરાંત્ રોકડીયા પાકમાં એરંડા, કપાસ જેવા પાક લઈ રહ્યા છે. જયારથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે ત્યારથી જમીન તથા પાણીની ગુણવત્તા સુધરી છે. પાકને વધુ પિયતની જરૂર પડતી નથી. જીવામૃત વાપરવાથી જમીનમાં સૂક્ષ્મ તત્વોનું પ્રમાણ વધે છે જેથી અલગથી જૈવિક ખાતર આપવાની જરૂર પડતી નથી. જયારે રાસાયણિક ખેતીમાં દવા અને ખાતરનો ખર્ચો જ બોજ સમાન હોય છે,નિંદણના કારણે મજૂરી ખર્ચ વધુ થાય છે તથા જમીનનું બંધારણ બગડે છે, જમીનમાં ક્ષારનું પ્રમાણ વધી જાય છે . આમ, ખેડૂત પ્રાકૃતિક ખેતી કરે તો તમામ રીતે ફાયદારૂપ છે.આવકમાં વધારા સાથે ઝેરમુકત ઉત્પાદનથી સામાન્યજનની સુખાકારી તથા પર્યાવરણ બચાવમાં ખેડૂત પોતાનો સહયોગ આપી શકે છે.

### સભાસદોને સ્થળ પર જ ૧૦ ટકા લેખે ડિવિડન્ડ તથા ફરજિયાત બચત પર વ્યાજની રકમ મળી કુલ રૂ. ૧૨ લાખની રોકડમાં ચૂકવણી કરવામાં આવી હતી.સાથે શિક્ષણ સાથે અન્ય પ્રવૃતિમાં સારો દેખાવ કરનાર બાળકોનુ સન્માન કરાયુ

# ભુજ તાલુકા શિક્ષક મંડળીએ તેજસ્વી તારલાઓને સન્માન્યા



ભુજ તા.૨૮

ભુજ તાલુકા પં. પ્રાથમિક શિક્ષક કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા ભુજ ખાતે યોજાઈ હતી. પ્રમુખ નિલેશ ગોરના અધ્યક્ષસ્થાને યોજાયેલી સાધારણ સભામાં જિલ્લા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, ખજાનચી ધર્મેન્દ્રસિંહ જાડેજા, વિલાસબા જાડેજા, તાલુકા મંડળીના પૂર્વ પ્રમુખ ઠાકરશી મચ્છર, જિલ્લા મંડળીના પ્રમુખ રાજેશ ગોર,પૂર્વ પ્રમુખ ધીરજ ઠક્કર, ભુજ તાલુકા સંઘના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, મહામંત્રી મેહુલ જોષી, બી.આર.સી. કો. ઓર્ડીનેટર ભરત પટોડિયા, જીતેન્દ્ર ઠક્કર, વસંત ગોર, રશ્મિકાંત ઠક્કર સહિતના આગેવાનો ઉપરાંત બહોળી સંખ્યામાં સભાસદો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. હરિસિંહ જાડેજાએ ગત સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું અને વર્ષ ૨૦૨૩-૨૪ ના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા જેને સૌ સભ્યોએ બહાલી આપી હતી.ગત વર્ષ દરમ્યાન મંડળીએ કરેલા રૂ. ૨૧ લાખ ૩૩ હજાર જેટલા નફાનો શ્રેય તેમણે સૌ સભાસદોને આપ્યો હતો.

કારોબારી સભ્ય ઉમંગ પરમાર દ્વારા મંડળીએ કરેલા નફાની નિયમાનુસારની ફાળવણી કરવામાં આવી હતી. આ તકે મંડળીની મોબાઈલ એપ એપેક્ષ વેબ સોસાયટીનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પ્રમુખ નિલેશ ગોર દ્વારા મંડળીની કાર્યવાહીની પ્રગતિનો અહેવાલ રજૂ કરાયો હતો. તેમણે સભાસદોના હિતમાં ફરજિયાત બચત પર ૫ ટકા વ્યાજ આપવા સાથે ધિરાણ મર્યાદા ૬ લાખ કરવા જાહેરાત કરી હતી જેને સૌએ વધાવી લીધી હતી.કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ બાળકોને પ્રોત્સાહિત કરી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે તેમણે આયોજનને બિરદાવી મંડળીને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છાઓ પાઠવી હતી. સભાસદોને સ્થળ પર જ ૧૦ ટકા લેખે ડિવિડન્ડ તથા ફરજિયાત બચત પર વ્યાજની રકમ મળી કુલ રૂ. ૧૨ લાખની રોકડમાં ચૂકવણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેન્દ્રસિંહ ઝાલા અને કૃપા નાકરે જયારે આભારવિધિ અશોક જાટીયાએ કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવા પરેશ મોતા,ધીરજબા વાઘેલા ઉપરાંત મંડળીના કિશોર ડાભી, ઉત્તમ મોતા,આશુતોષ પંડયા, મહેશ બારોટ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

### સભાસદના બાળકોને મળ્યુ સન્માન

સભાસદોના સંતાનો કે જેમણે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધારે ગુણથી ઉતીર્ણ થયેલા હતા તેવા ૪૪ જેટલા તેજસ્વી તારલાઓનું મીના પ્રવિણ ભદ્રા પરિવાર,કૃપા રસિકલાલ નાકર પરિવાર તથા તાલુકા મંડળી વતી શિલ્ડ, મેડલ, શૈક્ષણિક કીટ તથા રોકડ પુરસ્કારથી મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તરણ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ હિમધી ચૌહાણ અને મંડળીના પૂર્વ કોમ્પુટર ઓપરેટર ચિંતન કાપડીનું મંડળી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મંડળીને ભેટ આપનાર ૧૪ જેટલા દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.



# ગૃહ ઉદ્યોગ ધરાવતી ગૃહિણીઓને ડિજિટલ માર્કેટીંગથી જોડવા ચેમ્બરની તૈયારી

### ગાંધીધામ ચેમ્બર અને એસ.આર.કે. ઇન્સ્ટીટયુટ ધ્વારા નાના અને મધ્યમ વેપારીઓ માટે "ઇ-કોમર્સ મેઇડ ઇઝી" ના સૂત્ર સાથે સેમીનાર યોજયો આગામી સમયમાં સાથે નિઃશુલ્ક રજીસ્ટ્રેશન ધ્વારા ટેક્નીકલ પાયાની સમજ અપાશે

ભુજ તા.૨૮

આજના ડિજિટલ યુગમાં, ગ્રાહકો ઓનલાઇન ખરીદી કરવાનું વધુ પસંદ કરે છે, ત્યારે મોલ કલ્ચરમાં નાના અને મધ્યમ વર્ગના વ્યાપારીઓને ટકી રહેવા અને રિટેલર્સ-ટ્રેડર્સ માટે તેમના ડિજિટલ માર્કેટીંગ પ્રયાસોને મજબૂત કરવા જરૂરી બન્યા છે, તેવા ધ્યેય સાથે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ સાપેડા સ્થિત એસ.આર.કે. એજયુકેશનલ ઈન્સ્ટીટયુટને સાથે રાખી તેમની સેવાઓને વધુ વિશાળ ફલક સુધી પહોંચાડવા માં મદ મળી રહે અને સ્પર્ધાત્મક યુગમાં ટકી શકાય તેવા શુભ આશયથી "ઈ-કોમર્સ મેઇડ ઈઝી"' વિષે એક સફળ સેમીનાર યોજવામાં આવ્યો હતો. પ્રારંભિક તબક્કે ઉપસ્થિત તમામનું અભિવાદન કરતાં ચેમ્બર પ્રમુખ મહેશ પુજે જણાવ્યું હતું કે, બીઝનેસ પોલીસીને કોઇ બદલી ના શકે, પરંતુ તેમાં રસ્તો કેવી રીતે કાઢવો અને બદલાવ સાથે તાલ મિલાવી, રિટેલર્સ અને ટ્રેડર્સને ડિજિટલ માર્કેટ-ીંગના વિશ્વ સાથે કેવી રીતે જોડી શકાય. સાથે આજના મોલ ક્લચરમાં ટકી રહેવા અને વ્યાપારમાં વૃધ્ધિ કરવા માટે નાના અને મધ્યમ ક્દના રિટેલર્સ અને ટ્રેડર્સ માટે તેનું મહત્વ સમજવું જરૂરી છે તેથી જ જમાના સાથે રહીને દરેક પ ોતાના બીઝનેસને કેવી રીતે વિકસિત કરી શકે તેવું આયોજન ચેમ્બર ધ્વારા હાથ ધરાયું છે, તેનો દરેકે લાભ મેળવવા અપ ીલ કરાઇ હતી. મુખ્ય વક્તા એસ.આર.કે. ઈન્સ્ટીટયુટના પ્રિન્સીપાલ પ્રોફેસર નિર્દેશ બુચ તથા ડિજિટલ માર્કેટીંગ હેડ સાહિલ મેમણ, જેવા નિષ્ણાતો દ્વારા દશ્ય-શ્રાવ્ય માધ્યમથી, ડિજિટલ માર્કેટીંગના મૂળભૂત સિધ્ધાંતો,ઓનલાઇન સ્ટોર બનાવવાની રીત,સોશિયલ મીડીયા માર્કેટીંગનો ઉપયોગ અને ગ્રાહકો સાથે ડિજિટલ રીતે જોડાવાની યુક્તિઓ અંગે માર્ગદર્શિત કર્યા હતા. સાથે ગ્રાહકોને શ્રેષ્ઠ શક્ય ખરીદીનો અનુભવ પ્રદાન કરવા ઉચ્ચ ગુણવતા વાળા ચિત્રો, સરળ ચેકઆઉટ પ્રીક્યા અને ઉત્તમ ગ્રાહક સેવાના મૂલ્યની જાણકારી આપી હતી.એસ.આર.કે. ના કેમ્પસ હેડ પ્રોફેસર સુરભી આહિરે ગ્રાહક અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું



જણાવી ઉમેર્યુ હતું કે, એસ.આર.કે.ના ચેરમેન અરજણ કાનગડની પહેલ અનુસાર ડિજિટલ માર્કેટીંગ ડેટાથી સમૃધ્ધ કેવી રીતે થઇ શકાય, તેની જાણકારી મેળવી સોશિયલ મીડિયા માર્કેટીંગના માધ્યમથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વીટર જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરી ગ્રાહકો સાથે જોડાઇ ઉત્પાદન અને સેવાઓ પ્રમોશન કરવા અને બ્રાન્ડ જાગૃતિ વધારવા પર ભાર મૂક્યો હતો મહેશ તિર્થાણીએ આ માટે કસ્ટમરને સારામાં સારી સેવા,ગ્રાહકો સાથે રીલેશન,વર્તન, શાખ અને વિશ્વાસ કેળવવાનું જણાવી,સમય-સમય પર માર્કેટીંગ રીવ્યુ કરવાનું આહવાન કરેલ, જેથી દરેકની બ્રાન્ડ વેલ્યુ જળવાઇ રહે, તેવું ઉમેરી કચ્છના નાના અને મધ્યમ વેપારીઓની સાથે સમગ્ર કચ્છમાં ગૃહ ઉદ્યોગ ચલાવતી ગૃહિણઓને પણ ડિજિટલ માર્કેટીંગથી જોડવાની તૈયારી દર્શાવી હતી. આ તબક્કે નિષ્ણાતો દ્વારા બીજાની લાઇન ટુંકી કરવાના બદલે પ ોતાની લાઇન મોટી કરવાનું જણાવી, લહેર બદલવાની શીખ આપી હતી તેમજ આ માટેના વિવિધ ઉદાહરણો સમજાવ્યા હતા. ગાંધીધામ ચેમ્બર દ્વારા આ તબક્કે કોમર્સના ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી નિમિત રાઠોડના ઇ-કોમર્સ પર લખાયેલ પુસ્તક્ની ૫૦ કોપી ખરીદી જરૂરિયાતમંદોને આપવા સાથે, કચ્છના નાના અને મધ્યમ વેપારીઓને પણ ડીજીટલ માર્કેટીંગથી વિના મૂલ્યે જોડવાની ગાંધીધામ ચેમ્બરે તૈયારી દર્શાવતાં અને પ્રોત્સાહિત કરતાં, ઉપસ્થિત સહુએ ચેમ્બરની આ પહેલને બિરદાવી હતી. મોટી સંખ્યામા લોકો આ સેમીનારમા જોડાયા હતા.

# 'મિશન ગ્રીન ભુજ' અંતર્ગત જયનગર પાસે આકાર પામતા વિવિધ પ્રકલ્પો



તળાવડી, બગીચો અને વૃક્ષ આચ્છાદિત વોક વે નું કામ પ્રગતિમાં

ભુજ તા.૨૮

જયનગર મંગલમૂર્તિ હનુમાનજી મંદિર પાસે છેલ્લા બે મહિનાથી લાખોના ખર્ચે વિવિધ પ્રકલ્પો સાકાર થઇ રહ્યા છે, હાલમાં પચાસ હજાર લીટરનો પાણીનો ટાંકો અને ફરતી બાઉન્ડ્રીનું કામ પૂર્ણ થઇ ગયું છે, બગીચો, તળાવડી સાથે ફરતે વૃક્ષ આચ્છાદિત વોક વે નું કામ પ્રગતિમાં છે. આ માટે ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા આઠ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, પશ્ચિમ વનવિભાગના ના.વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા, રેંજ ફોરેસ્ટ ઓફિસર હિતેન્દ્રસિંહ ચુડાસમાનો સહયોગ મળતાં, એક બે વરસાદ પછી, પક્ષીઓને ખોરાક મળે અને શીળી છાયા આપે એવાં પાંચસો જેટલાં ફળાઉ વૃક્ષોનાં વાવેતરનું આયોજન ગોઠવાઈ રહ્યું છે. જયનગર મહાવીર નગર સિનીયર સિટીઝન કલબના પ્રમુખ ભાણજીભા જાડેજાએ આ મહત્વના પ્રોજેક્ટને સફળ બનાવવા સંકલ્પ લીધો છે. આ માટે સંસ્થાના ઉપપ્રમુખ નરેન્દ્ર વ્યાસ, મંત્રી કનૈયાલાલ અબોટી,જગદીશચંદ્ર છાયા સહકાર આપી રહ્યા છે. આ પ્રોજેક્ટ આ માટે દાતાઓનો પણ સહયોગ મળી રહ્યો છે, ૬૦ હજાર લક્ષ્મી મંડપ સર્વિસ, ૫૧ હજાર પ્રવીણ હિરાણી, ૩૧ હજાર ભરત ગોસ્વામી, ૨૯ હજાર શશીકાંત ઠક્કર, ૨૫ હજાર કાલુભા દાનસંગજી જાડેજા, ૨૧ હજાર પરેશ રાજગોર, ૨૧ હજાર શ્રીરામ કોર્પોરેશન, અને ૯ હજાર અશોક મટીરીયલ સપ્લાયર્સ તરફથી દાન પ્રાપ્ત થયું છે. વિશેષમાં, સહજાનંદ ગૌ સહાય ટ્રસ્ટ (બળદીયા) દ્વારા બાળકો માટે રમત ગમતનાં સાધનો આપવામાં આવશે, વૃક્ષોના ઉછેર માટે ટપક પદ્ધતિથી પાણી આપવા માટે તરા મંજલના સુરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા, ભુજની માનવ જ્યોતના પ્રમુખ પ્રબોધ મુનવર તરફથી એક સો ચકલીઘર અને પાણીનાં કુંડાંનો સહયોગ મળ્યો છે. દાન આપવા ઈચ્છુકોને ભાણજીભા જાડેજા મો:૯૪૨૭૭ ૬૮૧૯૫નો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. મિશન ગ્રીન ભુજ અંતર્ગત શહેરને હરિયાળું બનાવવાની નેમ સાથે કાર્ય આગળ ધપી રહ્યું છે.

જયનગર મહાવીર નગર વાલદાસનગર નાકાં નજીક સાકાર થતો આ પ્રકલ્પ પૂર્ણ થતાં આ વિસ્તાર સાથે ભુજ શહેરને એક નવલું આકર્ષક નઝરાણું પ્રાપ્ત થશે.

કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ4કચ્છ
'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

# FILMY ગપશપ



## શંકરે જણાવ્યું, "ચાઇનામાં એક માર્શલ આર્ટના ગુરુ છે. તેમનું નામ લૂ ઝિજાન છે, તેઓ ૧૨૦ વર્ષની ઉંમરે માર્શલ આર્ટ કરે છે

# ફિલ્મના ડિરેક્ટરે આ અંગે સ્પષ્ટતા કરી : ઇન્ડિયન ૨ - ૧૦૬ વર્ષના સેનાપથિ કઈ રીતે સ્ટંટ કરી શકે?

મુંબઈ, તા.૨૮

કમલ હસન અને શંકરની ફિલ્મ 'ઇન્ડિયન ૨'નું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યું છે. જેમાં ૧૦૬ વર્ષના સેનાપથિની ભૂમિકામાં કમલ હસન એક્શન સિક્વન્સ કરતા દેખાય છે. આ મુદ્દે ઓડિયન્સે ફિલ્મને નકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. ઘણા લોકો માને છે કે આ ફિલ્મ થોડી ઓલ્ડ ફેશન છે. જોકે દર્શકોને સૌથી વધુ ફરિયાદ કમલ હસનના પાત્ર અને મેક અપ અંગે છે. ફિલ્મના પહેલા ભાગ મુજબ, સેનાપથિનો જન્મ ૧૯૧૮માં થયો છે, હવે બીજા ભાગમાં ફિલ્મમાં ૧૦૬ વર્ષના સેનાપથિ સ્ટંટ કરતા અને ગુંડાઓને મારતા દેખાય છે. તો કેટલાંક નેટિઝન્સે એવા પણ સવાલ ઊઠાવ્યા છે કે, ૧૦૬ વર્ષનો માણસ આવા જોખમી સ્ટંટ કઈ રીતે કરી શકે છે.

મુંબઈમાં આ ફિલ્મના ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં પત્રકારોએ શંકર અને કમલ હસનને આ અંગે પ્રશ્નો પૂછ્યા હતા. કમલ હસને આ પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, "ઉંમર ડિરેક્ટર દ્વારા નક્કી થવી જોઈએ. હું ૧૨૦ વર્ષે પણ એક્ટિંગ કરવાનું પસંદ કરીશ." શંકરે જણાવ્યું, "ચાઈનામાં એક માર્શલ આર્ટના ગુરુ છે. તેમનું નામ લૂ ઝિજાન છે. તેઓ ૧૨૦ વર્ષની ઉંમરે માર્શલ આર્ટ કરે છે, તેઓ ઊડે છે, કિક મારે છે, બધું જ કરે છે." શંકરે વધુમાં કહ્યું, "સેનાપથિનું પાત્ર પણ એક માસ્ટર છે. એ પણ પૌરાણિક માર્શલ આર્ટ વાર્મા કલાઈનો માસ્ટર છે.

## માંડ ભીડમાંથી નીકળી બહાર : સેલ્ફી ક્રેઝીએ જાહન્વીની હાલત ખરાબ કરી નાંખી

મુંબઈ, તા.૨૮

બોલિવૂડ અભિનેત્રી જાહન્વી કપૂર એની ફિલ્મોની સાથે-સાથે એના લુક્સને લઈને હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. જાહન્વી કપૂરનો નવો લુક સામે આવ્યો છે જે સોશિયલ મિડીયામાં આવતાંની સાથે છવાઇ જાય છે. હાલમાં અભિનેત્રીનો લેટેસ્ટ લુક ચર્ચામાં આવ્યો છે. પરંતુ એક્ટ્રેસનો આ લેટેસ્ટ વીડિયો હાલમાં વાયરલ થઇ રહ્યો છે. આ વાયરલ વીડિયો ચર્ચાનો મુદ્દો લોકો માટે બન્યો છે. આ વીડિયોમાં તમે જોઇ શકો છો કે જાહન્વી કપૂર એરપોર્ટની બહાર જોવા મળે છે. આ દરમિયાન જાહન્વી કપૂરને કેટલાંક લોકોએ ઘેરી લીધી. આમ, આ ભીડમાંથી એક્ટ્રેસ માંડ માંડ બહાર નીકળી. સેલિબ્રિટી પૈપરાઝી એકાઉન્ટ ફિલ્મી જ્ઞાનના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જાહન્વી કપૂરનો આ વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં મુંબઇ એરપોર્ટ પર એક્ટ્રેસની એ સમયે કફોડી હાલત થઇ જ્યાં એ ભીડથી ઘેરાઇ ગઇ. અભિનેત્રી મંગળવારના રોજ મોડી રાત્રે એરપોર્ટમાંથી બહાર નીકળી. આમ, જ્યારે એરપોર્ટ પર ફેન્સે જાહન્વીને જોઇ તો સેલ્ફી લેવા માટે પડાપડી કરી. એવામાં એક્ટ્રેસ



ભીડમાંથી માંડ માંડ બહાર નીકળી. આ દરમિયાન મહિલાઓ તો ઠીક પણ પુરુષોએ એક્ટ્રેસને ભીડમાં ઘેરી લીધી જેના કારણે અનકમ્ફર્ટેબલ થઇ ગઇ. જો કે આ દરમિયાન એક્ટ્રેસ શાંતિ બનાવવાનું કહ્યું અને બધાની લોકોની સાથે સેલ્ફી લીધી. આ દરમિયાન જાહ-ન્વી કપૂરે ઓલિવ ગ્રીન કલરની ટી શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યું હતું. ત્યારબાદ અભિનેત્રી મોડી રાત્રે અર્જૂન કપૂરના બર્થડે સેલિબ્રેશન માટે એના ઘરે પહોંચી હતી. જાહન્વી કપૂરના વર્કફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં અનેક મોટી ફિલ્મોમાં નજરે પડશે. જેમાં જૂનિયર એનટીઆરની ફિલ્મ દેવરાનું નામ પણ શામેલ છે.

## ૧૯ કલાક સામાનની રાહ જોઈ: ભૂખ-થાકથી પરેશાન અદિતિ રાવ એરપોર્ટ પર ફસાઈ


મુંબઈ, તા.૨૮

'હીરામંડી: ધ ડાયમંડ બજાર' ફેમ અદિતિ રાવ હૈદરીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે અને હીથ્રો એરપોર્ટ પર બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી છે. એક્ટ્રેસે કહ્યું કે, તેણે પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. જેને લઈને તેની અને તેના સહ-યાત્રીઓની ભૂખ-તરસથી હાલત ખરાબ થઈ ગઈ હતી.છેલ્લા કેટલાક દિવસોથી સંજય લીલા ભણશાળીની 'હીરામંડી: ધ ડાયમંડ બજાર'માં પોતાની ગજગામિની વૉકથી લાઈમલાઈટમાં છવાયેલી એક્ટ્રેસ અદિતિ રાવ હૈદરી ફરી ચર્ચામાં છે. એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરી છે, જેમાં તે એક બ્રિટિશ એરવેઝ પર ભડકી હતી. એક્ટ્રેસની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેને લઈને એક્ટ્રેસના ફેન્સ તેને સપોર્ટ કરી રહ્યા છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે એરપોર્ટ પર પોતાના સામાનની રાહમાં ને રાહમાં ભૂખી-તરસી બેઠી છે.

એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં લખ્યું કે, તેણે પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી, તે પણ કોઈ મદદ વિના. અદિતિ રાવ હૈદરીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા, જેમાં તેણે હીથ્રો એરપોર્ટ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે, તેણે એરપ ોર્ટ પર પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. એટલું જ નહીં, તેની સાથેના લોકોને પણ એરપોર્ટ ઑથોરિટી તરફથી કોઈ સુવિધા મળી ન હતી. એક્ટ્રેસે આ અંગે બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી અને ખરીખોટી સંભળાવી હતી.અદિતિ રાવ હૈદરીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક




તસવીરો અને વીડિયો શેર કર્યા, જેમાં તેણે હીથ્રો એરપોર્ટ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે, તેણે એરપોર્ટ પર પોતાના સામાન માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. એટલું જ નહીં, તેની સાથેના લોકોને પણ એરપોર્ટ ઑથોરિટી તરફથી કોઈ સુવિધા મળી ન હતી. એક્ટ્રેસે આ અંગે બ્રિટિશ એરવેઝને આડેહાથે લીધી અને ખરીખોટી સંભળાવી હતી એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં લખ્યું કે, ૧૯ કલાક થઈ ગયા અને હું અત્યારે પણ રાહ જોઈ રહી છુંપ બ્રિટિશ એરવેઝ તમને જણાવી દઉં કે, આ બ્રિટ્સની સાથે આ મારો કોઈ પહેલો અનુભવ નથી. જો તમે નેટફિલક્સ પર હીરામંડી જોશો તો ખબર પડી જશે કે, હું ન્યાય માટે લડ્યા વિના હાર માનીશ નહીં! તો શું તમે અમારી બેગ મોકલી શકો છો! બને એટલું જલ્દી! મારી કોન્ફરન્સ છે અને જે વસ્તુઓની મને જરૂર છે તે તમારા માપદંડોને પૂર્ણ કરશે નહીં. આ સાથે એક્ટ્રેસે એક ઈમોજી પણ શેર કરી હતી.




નિયા શર્માનો દેશી અંદાજ સામે આવ્યો છે. નિયાએ લહેંગામાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.નિયા શર્માનો આ સ્ટાઈલિશ લૂક જોઈને ચાહકો તેના દિવાના બન્યા છે.નિયા શર્મા નવા લૂકમાં ખૂબ જ સુંદર પોઝ આપતી જોવા મળી રહી છે.



ભોજપુરી અભિનેત્રી મોનાલિસા શોર્ટ ડ્રેસમાં ખૂબ જ કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે.ચાહકો પણ તેના ગ્લેમરસ અંદાજને લાઈક કરી રહ્યા છે.સ્ટાઈલિશ લૂકમાં હાથમાં પર્સ લઈ મોનાલિસાએ ગ્લેમરસ પોઝ આપ્યા હતા.મોનાલિસાની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આગની જેમ વાયરલ થઈ રહી છે.



તમન્ના ભાટીયા બોડીકોન લૂકમાં શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે.નવા બોડીકોન લૂકમાં તમન્ના ખૂબ જ શાનદાર અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે. બોડીકોન લૂકમાં તમન્ના ખૂબ જ હોટ પોઝ આપતી જોવા મળી રહી છે.તમન્ના ભાટીયાના આ શાનદાર લૂકને લાઈક કરવામાં આવી રહ્યો છે.



સાડી લૂકમાં સયાની ગુપ્તાએ શાનદાર પોઝ આપ્યા હતા. નવા લૂકને ચાહકો પણ પસંદ કરી રહ્યા છે.સયાનીએ ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થામાંથી સ્નાતક છે. તેના પિતા ઓલ ઈન્ડિયા રેડિયોમાં કામ કરતા હતા, જેના કારણે સયાની બાળપણથી જ રેડિયોની દુનિયાથી પરિચિત થઈ ગઈ હતી.અભિનેત્રી સયાની ગુપ્તા નવા સાડી લૂકમાં સુંદર પોઝ આપતી જોવા મળી રહી છે.

## ઓસ્કાર એકેડમીના નવા મેમ્બર્સમાં રાજામૌલિ દંપતિ, શબાનાનો સમાવેશ

મુંબઈ, તા.૨૮

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત મનાતા ઓસ્કાર એવોર્ડ્સનું આયોજન એકેડમની ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા કરવામાં આવે છે. જેને ટૂંકમાં એકેડમી તરીકે ઓળખવામાં આવે છે. એકેડમી દ્વારા ૨૦૨૪ના વર્ષ માટે નવા ૪૮૭ મેમ્બર્સનો સમાવેશ કરાયો છે. આ મેમ્બર્સમાં ભારતીયોને મહત્ત્વ અપાયું છે, જેના કારણે નવા મેમ્બર્સમાં રાજામૌલિ દંપતિ, શબાના આઝમી સહિત ટેલેન્ટેડ ભારતીયોનો સમાવેશ થાય છે. એકેડમીએ શેર કરલા સ્ટેટમેન્ટ મુજબ, થીયેટ્રિકલ મોશન પિક્ચર્સ ક્ષેત્રમાં આગવી ઓળખ ઊભી કરનારા આર્ટિસ્ટ અને એક્ઝિક્યુટિવ્સનો મેમ્બર્સ તરીકે સમાવેશ કરાયો છે. પ્રોફેશનલ ક્વોલિફિકેશન અને વર્તમાન કામગીરી અને યોગદન સહિતના પાસાઓને ધ્યાને રખાયા છે. લોસ એન્જેલસ સ્થિત એકેડમીએ ભારતીય અને આંતરરાષ્ટ્રીય સિનેમાનાં દિગ્ગજ એક્ટ્રેસ શબાના આઝમીને એક્ટર્સ બ્રાન્ચમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. શબાનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ પૂરાં કર્યા છે, તેમાં શ્યામ બેનેગલની ફિલ્મ અંકુરથી ૧૯૭૪માં કરિયર શરૂ કરી હતી.

ગોડમધર, અર્થર, ઈન કસ્ટડી સહિત અનેક યાદગાર ફિલ્મોમાં તેમણે કામ કર્યુ છે. શબાનાએ ૧૪૦ હિન્દી ફિલ્મ અને ૧૨ ઈન્ટરનેશનલ પ્રોડક્શનમાં રોલ કર્યા છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી' અને 'કેસરી'ના ડાયરેક્ટર શીતલ શર્મા અને 'ટુ કિલ અ ટાઈગર'ના ડાયરેક્ટર નિશા પાહુજાને રાજામૌલિના સેક્શનમાં આમંત્રિત કરાયાં છે. ડોક્યુમેન્ટ્રી ફિલ્મ મેકર હેમલ ત્રિવેદીને પણ મેમ્બર તરીકે સ્થાન મળ્યું છે. એકેડમી મેમ્બર્સમાં ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક જાણીતાં નામોનો સમાવેશ થયેલો છે. જેમાં એ.આર. રહેમાન, અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, કાજોલ, સુરિયા, વિદ્યા બાલન, આમિર ખાન, સલમાન ખાન, અલી ફઝલ, આદિત્ય ચોપરા, ગુનીત મોંગા, રીમા કાગતી, એકતા કપૂર અને શોભા કપૂર એકેડમીના મેમ્બર્સ છે.



# SPORTS કોર્નર

## બુમરાહ મારા કરતા એક હજાર ગણો વધુ સારો બોલર છે: કપિલ

નવીદિલ્હી,તા.૨૮

ભારત માટે સૌપ્રથમ વખત (૧૯૮૩) વર્લ્ડ કપ જીતનાર ક્રિકેટ ટીમના સુકાની કપિલ દેવે જણાવ્યું કે, જસપ્રિત બુમરાહ મારા કરતા એક હજાર ગણો વધુ સારો બોલર છે. પ્રવર્તમાન ટી૨૦ વર્લ્ડ કપમાં બુમરાહનો અસાધારણ દેખાવ જોવા મળ્યો છે અને ટીમ ઈન્ડિયાના આ પેસ બોલરે અત્યાર સુધી ૨૩ ઓવર ફેંકી છે જેમાં ૪.૦૮ની ઈકોનોમી સાથે ૧૧ વિકેટ ઝડપી છે. કપિલ દેવે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની ફિટનેસની પણ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, બુમરાહ મારા કરતા એક હજાર ગણો શ્રેષ્ઠ છે. અમારી પાસે વ્યાપક અનુભવ હતો. તે વધુ સારો છે. જસપ્રિત બુમરાહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શ્રેષ્ઠ પેસ બોલર્સની યાદીમાં સ્થાન ધરાવે છે અને તેણે ભારત તરફથી ૨૬ ટેસ્ટ રમતા ૧૫૯ વિકેટ ઝડપી છે. આ ઉપરાંત ૮૯ વન-ડેમાં તેના નામે ૧૪૯ વિકેટ જ્યારે ટી૨૦માં ૬૮ મેચમાં ૮૫ વિકેટ છે. ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવના નામે ૪૩૪ ટેસ્ટ વિકેટ છે અને તેને ભારતના સર્વકાલિન ઓલ-રાઉન્ડર ગણવામાં આવે છે. કપિલ દેવે વન-ડે



માં ૨૫૩ વિકેટ પણ લીધી છે. કપિલ દેવે ભારતીય ટીમના ખેલાડીઓની ફિટનેસ અંગે જણાવ્યું કે, આ લોકો ઘણા ફિટ છે તેમજ મહેનતુ પણ છે. તેઓ ખરેખર અદભૂત છે.


ભારતના દિગ્ગજ ક્રિકેટર કપિલ દેવે ભારતને ટી૨૦ વર્લ્ડ કપ જીતવા માટે ટીમ તરીકે રમવાની સલાહ આપી છે. ૮૩ના વર્લ્ડ કપ વિજેતા સુકાનીના મતે કોઈ વ્યક્તિગત કૌશલ્ય નહીં પ રંતુ સંયુક્ત પ્રયાસ જ રોહિત એક દાયકાથી વધુના આઈસીસી ટ્રોફી જીતવાના દુકાળનો અંત લાવી શકશે કે કેમ તેના પાછળનું મુખ્ય પરિબળ રહેશે. મેચ જીતવા એકાદ ખેલાડી સારું રમે તે જરૂરી છે પરંતુ ટુર્નામેન્ટ જીતવા સામૂહિક પ્રયાસ જરૂરી છે.

# દક્ષિણ આફ્રીકા ફાઈનલમાં ટીમ ઈન્ડિયા સામે ટકરાશે

ગુયાના, તા.૨૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી સેમીફાઈનલ ગુયાનાના Providence Stadium ખાતે ગુરુવારે રમાઈ જેમાં ટીમ ઈન્ડિયાએ જબરદસ્ત પ્રદર્શન કરતા ૬૮ રનથી મેચ જીતી લીધી અને ફાઈનલમાં જગ્યા બનાવી. ફાઈનલમાં હવે ૨૯ જૂને દક્ષિણ આફ્રીકા સામે ટક્કર થશે. મેચ તો જીતી ગયા પરંતુ એક બાબતે ચિંતા ઉપજાવી અને તે છે વિરાટ કોહલીના ખરાબ પ્રદર્શન. જે ટીમ ઈન્ડિયા માટે ચિંતાનો વિષય બની છે. સેમીફાઈનલમાં વિરાટ કોહલી પાસેથી ખુબ અપેક્ષા હતી પરંતુ એકવાર ફરીથી વિરાટ કોહલીએ બધાને નિરાશ કર્યા. મેચ બાદ કેપ્ટન રોહિત શર્માએ વિરાટ કોહલીના આ ફોર્મ અંગે મોટું નિવેદન આપ્યું છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ટુર્નામેન્ટ માં આ વખતે વિરાટ કોહલી સદંતર ફ્લોપ જોવા મળ્યો છે. ટુર્નામેન્ટમાં હજુ સુધી વિરાટે એક અડધી સદી સુદ્ધા નોંધાવી નથી. ફેન્સને કોહલી પાસેથી આ વર્લ્ડ કપમાં ખુબ અપેક્ષા હતી પરંતુ કોહલી આશાઓ પર ખરો ઉતર્યો નથી.





સેમીફાઈનલમાં પણ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ફક્ત ૯ રન કર્યા.

હવે આ મેચ બાદ વિરાટના ફોર્મ વિશે વાતચીત કરતા કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે 'તે ક્વોલિટી ખેલાડી છે, કોઈ પણ ખેલાડી આ દોરમાંથી પસાર થઈ શકે છે. અમને તેનો ક્લાસ ખબર છે અને અમને ખબર છે કે મોટી મેચોમાં તેનું શું મહત્વ છે. તેનું ફોર્મ ક્યારેય મુશ્કેલીવાળી વાત રહી નથી. જ્યારે તમે ૧૫ વર્ષ ક્રિકેટ રમી ચૂક્યા હોવ તો ફોર્મ ક્યારેય મુશ્કેલી હોઈ શકે નહીં. તે સારો જણાય છે, તેનામાં ઈન્ટેન્ટ જોવા મળે છે, બની શકે કે તે ફાઈનલ માટે બચાવી રાખ્યું હોય'.

બીજી બાજુ હેડ કોચ રાહુલ દ્રવિડે સ્ટાર સ્પોર્ટ્સ પર સેમીફાઈનલ મેચ બાદ વિરાટ કોહલી વિશે કહ્યું કે વિરાટ કોહલી ટીમ માટે ઉદાહરણ સેટ કરે છે. તે પહેલા જ બોલથી શાનદાર ઈન્ટેન્ટ દેખાડી રહ્યો છે. મને તેનું માઈન્ટસેટ પસંદ છે. હું નજર લગાડવા નથી માંગતો પરંતુ મને લાગે છે કે ફાઈનલમાં તેની મોટી ઈનિંગ જોવા મળી શકે છે.

અત્રે જણાવવાનું કે ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીનું આ ટુર્નામેન્ટમાં ફોર્મ ફેન્સ માટે ચિંતાનું કારણ બનેલું છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ સેમીફાઈનલમાં કોહલી ૯ બોલમાં ૯ રન કરીને આઉટ થઈ ગયો. વિરાટ કોહલીનો આ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં બેસ્ટ સ્કોર ૩૭ રન જ છે. જે બાંગ્લાદેશ વિરુદ્ધ કર્યા હતા. સાત ઈનિંગમાં માત્ર બેવાર બેવડી સંખ્યા પાર કરી હતી.

પાંચ વાર સિંગલ ડિજીટ પર આઉટ થયો છે. જેમાંથી બે વાર તો ખાતું પણ ખુલ્યું નથી. જો કે રોહિત શર્મા અને રાહુલ દ્રવિડને વિરાટ પર પૂરો વિશ્વાસ હોય તેવું લાગે છે અને તેઓને લાગે છે કે વિરાટ ફાઈનલમાં જરૂર કઈક મોટું કરશે.

અફઘાનિસ્તાનને હરાવીને ફાઈનલમાં પહોંચેલી દક્ષિણ આફ્રીકાની ટીમ હવે ફાઈનલમાં ટીમ ઈન્ડિયા સામે ટકરાશે. ફાઈનલ બાર્બાડોસમાં ૨૯ જૂનના રોજ રમાશે. અત્રે જણાવવાનું કે બંને ટીમો આ ટુર્નામેન્ટમાં હજુ સુધી એક પણ મેચ હારી નથી.

ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને બીજી સેમીફાઈનલમાં ૬૮ રનથી હરાવીને ૧૦ વર્ષ બાદ ટી૨૦વર્લ્ડ કપની ફાઈનલમાં જગ્યા બનાવી છે.

## ટી૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં વરસાદની કેટલી શક્યતાઓ

ગુયાના, તા.૨૮

ભારતે ઈંગ્લેન્ડને હરાવીને ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. ભારતની અંતિમ મેચ દક્ષિણ આફ્રિકા સામે થવાની છે. આ મેચ બાર્બેડોસની રાજધાની બ્રિજટાઉનમાં યોજાવાની છે. વેસ્ટ ઈન્ડિઝમાં લગભગ દરરોજ વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ટી૨૦ વર્લ્ડ કપની ઘણી મેચો રદ કરવામાં આવી હતી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ પણ વરસાદને કારણે પ્રભાવિત થઈ હતી. ભારતે ઈંગ્લેન્ડને તેની સ્ટ્રેટેજી પ્રમાણે સાચું ન ઠરવા દીધું અને અક્ષર તથા કુલદીપની ફિરકીમાં ઈંગ્લેન્ડના બોલર્સ ફસાઈ ગયા હતા.

ક્રિકેટ ચાહકોની નજર હવે બાર્બેડોસ પર ટકેલી છે, જ્યાં એક દિવસ પછી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટ્રોફી માટે ટક્કર થવાની છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બાર્બેડોસમાં શનિવારે પણ વરસાદની સંભાવના છે. આ સંભાવના ૭૮% સુધી વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે વાદળો દિવસભર રહેશે.

હા, ફાઈનલ માટે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. જો વરસાદના



કારણે શનિવારે મેચ નહીં રમાય તો રવિવારે રમાશે.ૈઝઝએ આ મેચ માટે ૩ કલાક ૧૦ મિનિટનો વધારાનો સમય રાખ્યો છે. જો શનિવાર અને રવિવાર બંને દિવસે ભારે વરસાદ પડે છે અને મેચ રદ થાય છે, તો ટ્રોફી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વહેંચવામાં આવશે. એટલે કે બંને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવશે.


વરસાદના વિઘ્નની વચ્ચે ટોસ હારીને પહેલા બેટીંગ કરતા ટીમ ઈંડિયાએ ઈંગ્લેન્ડને ૧૭૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૬.૪ ઓવર જ રમી અને ૧૦૩ રનમાં સેમટાઈ ગઈ હતી. તેની સાથે જ ભારતે ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી કોઈ પણ બેટ્સમેન સારુ રમી શક્યો નહોતો.

# ભારતી એરટેલે ટેરિફમાં ૧૦-૨૧ ટકાના વધારાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૨૮

રિલાયન્સ જિયો બાદ ભારતી એરટેલે પણ મોબાઈલ ટેરિફના દરમાં વધારો કર્યો છે. ભારતી એરટેલે ટેરિફમાં ૧૦-૨૧ ટકાના વધારાની જાહેરાત કરી છે. આ વધેલા મોબાઈલ ટેરિફ ૩ જુલાઈ ૨૦૨૪થી અમલમાં આવશે. આનાથી પોસ્ટપેડ અને પ્રીપેડ બંને મોબાઈલ ફોનના દરો પર અસર થશે અને પ્લાન મોંઘા થઈ જશે.

નવા સંશોધિત ટેરિફ મુજબ, એરટેલ ના ૧૭૯ રૂપિયાના સૌથી સસ્તા પ્લાનની કિંમત હવે ૧૯૯ રૂપિયા હશે. આ સિવાય ૮૪ દિવસની વેલિડિટી સાથે ૪૫૫ રૂપિયાનો પ્લાન ૫૦૯ રૂપિયાનો થઈ જશે. ૩૬૫ દિવસની માન્યતા સાથેનો પ્રીપેડ પ્લાન જેનો દર ૧૭૯૯ રૂપિયા હતો, તે વધીને ૧૯૯૯ રૂપિયા થઇ જશે.




ભારતી એરટેલે સ્ટોક એક્સચેન્જને જણાવ્યું કે ભારતમાં ટેલિકોમ કંપનીઓ માટે નાણાકીય રીતે સ્વસ્થ બિઝનેસ મોડલને સક્ષમ કરવા માટે મોબાઈલ એવરેજ રેવન્યુ પ્રતિ યુઝર રૂ. ૩૦૦થી વધુ હોવી જોઈએ. અમારું માનવું છે કે ARPU નું આ સ્તર નેટવર્ક ટેક્નોલોજી અને સ્પેક્ટ્રમમાં જરૂરી નોંધપાત્ર રોકાણને સક્ષમ કરશે અને મૂડી પર સાધારણ વળતર આપશે. આ નવી અને વધેલી કિંમતો ભારતી હેક્સાકોમ લિમિટેડના સર્કલ સહિત ભારતી એરટેલના તમામ સર્કલમાં લાગુ થશે.

# અમદાવાદમાં સોનાની તસ્કરીની નવી જ મોડસ ઓપરેન્ડી પોલીસના ધ્યાને આવી

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં સોનાની તસ્કરીની નવી જ મોડસ ઓપરેન્ડી પોલીસના ધ્યાને આવી છે. અમદાવાદ ટ્રાફિક પોલીસની સતર્કતાથી ગોલ્ડ સ્મગલિંગનો પર્દાફાશ થયો છે. અમદાવાદ એરપોર્ટ પાસેથી રાજસ્થાન જતા ત્રણ આરોપીઓની ટ્રાફિક પોલીસની સતર્કતાથી ધરપકડ કરવામાં આવી છે. આ મામલે દુબઈ કનેક્શન સામે આવતા ઓઢવ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ ત્રણ શખ્સો દુબઈથી માટીના સ્વરૂપ માં સોનુ લઈ આવ્યા હોવાની સૌપ્રથમ ઘટના સામે આવી છે. દુબઈથી નક્કર સોનુ લાવવાને બદલે માટીના સ્વરૂપ માં સોનાની દાણચોરી કરતા આ ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી છે. ઓઢવ પોલીસે ધરપકડ કરેલા આ ત્રણ આરોપીઓના નામ શુભમ પેઠીવાલા, મોહમ્મદ ફરાજ અને ગોપાલ પુરી ભુવનેશ્વરસિંહ સોઢા છે.આ ત્રણે આરોપીઓ મૂળ રાજસ્થાનના છે, પરંતુ અમદાવાદના સોનીની ચાલી ચાર રસ્તા પાસેથી દિલ્હી પાસિંગની ક્રેટા ગાડી લઈને પસાર થતા હતા. તે વખતે અન્ય રાજ્યની ગાડી હોવાથી ટ્રાફિક પોલીસે વાહન રોકી તપાસ કરતા ગાડીમાંથી ૮૦ લાખ રૂપિયાની કિંમતની સોનાની માટી મળી આવી હતી. પોલીસને શંકા જતાં ત્રણેય લોકોની પૂછપરછ કરવામાં આવી હતી અને ઓઢવ પોલીસને જાણ કરવામાં આવી હતી. ઓઢવ પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધી ક્રેટા ગાડી અને સોનું સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન સોનુ ગેરકાયદે રીતે દુબઈથી અમદાવાદમાં લાવી રાજસ્થાન મોકલવાનો હોવાનું સામે આવ્યું છે.આ કેસનો મુખ્ય આરોપી ધર્મા નામનો શખ્સ છે, જે મૂળ રાજસ્થાન નો રહેવાસી છે પરંતુ દુબઈમાં રહી સોનાની સ્મગલિંગ કરી રહ્યો છે.

સાથે જ રાજેશ અને અન્ય એક વ્યક્તિ જે ઝડપાયેલા આરોપીઓને એરપોર્ટની નજીક સોનાનો પાવડર આપી ગયો હતો. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું કે ધર્મા તથા રાજેશ જે મોબાઈલ નંબરોનો ઉપયોગ કરે છે, તે મોબાઈલ નંબર દુબઈના છે.જેથી ઓઢવ પોલીસે એરપોર્ટ નજીક કઈ જગ્યાએથી સોનાનો પાવડર આરોપીઓને આપવામાં આવ્યો અને તે ઈસમ કોણ હતો તેની તપાસ શરૂ કરી છે.

ઝડપાયેલા ત્રણેય આરોપીઓની પૂછપરછમાં પ્રથમ આરોપી મોહમ્મદ ફરાજ તેની આંખોની સારવાર માટે અમદાવાદ આવ્યો હોવાની હકીકત જણાવી રહ્યો હતો. પરંતુ તે અંગે કોઈ યોગ્ય હકીકત મળી આવી ન હતી. સાથે જ ઝડપાયેલા ત્રણેય આરોપી પ્રથમ વખત સોનું લેવા આવ્યા હોવાની કબુલાત કરી રહ્યા છે. તો બીજી તરફ આ કેસના બે આરોપી અગાઉ સોનુ લેવા માટે દિલ્હી પણ ગયા હતા, જોકે સોનું ન આવતા તેઓ પરત ફર્યા હતા.

# ભારતમાં અગનવર્ષાનો કાળો કહેર: ૬૨ કરોડ લોકો લૂની ઝપટમાં

નવીદિલ્હી,તા.૨૮

પુરા વિશ્વમાં જલવાયુ પરિવર્તનના કારણે આ વખતે હિટ-વેવનો પ્રભાવ ખૂબ દેખાયો છે. કલાઈમેટ સેન્ટ્રલના તાજેતરના અહેવાલ મુજબ જુનના નવ દિવસ (૧૬-૨૪ જૂન) દરમિયાન ભારતમાં લુના કારણે ૬૨ કરોડ લોકો પ્રભાવિત થયા છે જયારે દુનિયામાં પાંચ અબજ લોકોએ લુની સ્થિતિનો સામનો કરવો પડયો છે. અહેવાલમાં જણાવાયુ છે કે, જે પ્રકારે જૂનમાં લૂ વરસી તેવી હાલત સદીમાં બે વખત થતી હતી પરંતુ હવે દર ત્રણ વર્ષે આવી હાલત થવા લાગી છે. લુનો સામનો દુનિયાના ૬૦ ટકા એટલે કે ૪.૯૭ અબજ લોકોએ કર્યો છે. ભારતમાં પહેલી વખત રાત્રીનું તાપમાન ૩૭ ડીગ્રી સુધી પહોંચ્યું છે.

## ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ



વરસાદને કારણે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટર્મિનલ ૧ની છત તૂટી પડી હતી.

## રાજ્યમાં ૩૦મી જૂનથી પહેલી જુલાઈ વચ્ચે

# મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૨૮

ગુજરાતના અનેક જિલ્લાઓમાં ચોમાસું વરસાદની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આજે (૨૮મી જૂન) ૧૦ જિલ્લામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અમરેલીના સાવરકુંડલામાં ચાર ઈંચ નોંધાયો છે. આ દરમિયાન હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં ૩૦મી જૂનથી પહેલી જુલાઈ વચ્ચે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે અતિભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ પોશીનામાં ખાબક્યો છે. નોંધનીય છે કે બુધવારે વધુ કેટલાક તાલુકામાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ સહિતના ત્રણ જિલ્લાના વિવિધ તાલુકા માં દોઢ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.

આ ઉપરાંત બનાસકાંઠાન દાંતી વાડામાં સાંજે બે જ કલાકમાં ૪૧ મી.મી વરસાદ નોંધાયો હતો. તો કચ્છના ભુજમાં ૪૦ મી.મી તથા નખત્રાણામાં ૩૯, બોટાદના ગઢડા માં ૩૫, ભાવનગરમાં શહેરમાં ૩૩ , કચ્છના માંડવીમાં ૩૧ અને રાજકોટના જેતપુરમાં ૩૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. અમરેલીના બગસરામાં ૧૦ મી.મી.વરસાદ નોંધાયો હતો. ગુરુવારે દિવસ દરમિયાન રાજ્યના કુલ ૪૦ તાલુકા માં ૧૦ કે તેથી વધુ મી.મી.વરસાદ પડ્યો હતો.જ્યારે અન્ય તાલુકામાં ૧થી લઈને ૯ મી.મી.વરસાદ નોંધાયો હતો. અમદાવાદ જીલ્લાના માંડલ તાલુકામાં ૪ મી.મી.વરસાદ નોંધાયો



હતો. કુલ ૧૦૭ તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.

શહેરમાં સોમવારે (૨૫ જૂન) મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જો કે ત્યારબાદ વરસાદે વિરામ લેતા શહેરમાં બફારા અને ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. આ પછી ગુરુવારે (૨૭ જૂન) વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. ત્યારે આજ (૨૮ જૂન) સવારથી જ વરસાદી વાતાવરણ સર્જાયું હતું. જેના પગલે બપોર બાદ કેટલાક વિસ્તારોમાં ધીમીધારે વરસાદ થયો હતો એસજી હાઈવે, પ્રહલાદનગર, જોધપુર, વેજલપુર નિર્ણયનગર વગેરે વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો

આજે મળતા સમાચાર મુજબ નવસારી શહેરમાં ધીમીધારે વરસાદ સવારથી શરુ થયો હતો. નવસારીના જલાલપોર તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. તો રોલી વિસ્તારમાં પણ અનરાધાર વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા. વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. નવસારી ઉપરાંત તાપી જિલ્લાના ઉચ્છલ, નિઝર, કુકરમુંડા તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના પગલે ઉચ્છલ નિઝર હાઈવે પર પાણી ફરી વળતા વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ સવારથી જ વરસાદ શરુ થયો છે. જેમાં અમરેલીના જિલ્લાના ગોરડાકા, લુવારા, રામગઢમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા.

ભાવનગર શહેરમાં વરસાદી માહોલ જામ્યો છે. અને શહેરમાં સતત બીજા દિવસે પણ વરસાદી ઝાપટાં પડ્યાં છે. વરસાદી ઝાપટાને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ ઉપરાંત બોટાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. જેમાં ટાવર રોડ, પાળીયાદ રોડ, ગઢડા રોડ વિસ્તાર તેમજ ઢીકવાળી, સેથલી, લાઠીદડ સહિતના ગામમાં મેઘરાજાનું આગમન થતાં ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ છે. દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ ડેમમાં ૬,૩૯૨ ક્યુસેક પાણીની આવક થતાં મહારાષ્ટ્રના હથનુર ડેમનો એક ગેટ ખોલાયો છે. તો અંબાજીમાં સતત ચોથા દિવસે મેઘમહેર થઈ છે. અને ૩ દિવસમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

# જાપાન જેવી સુનામી ફરી આવશે! પેરુમાં શક્તિશાળી ભૂકંપ

પેરૂ,તા.૨૮

ફરી એકવાર સુનામીનો ખતરો દુનિયા પર મંડરાયો છે. પેરુમાં જોરદાર તીવ્રતાથી ભૂકંપનો આવ્યો છે. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સે જણાવ્યું કે, પેરુના દરિયાકાંઠે ૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ નો ઝાટકો આવ્યો હતો. એજન્સીએ જણાવ્યું કે, આ ભૂકંપ ૧૦ કિલોમીટર સુધીની ઉંડાઈ સુધી છે. યુએસ નેશનલ સુનામી વોર્નિંગ સેન્ટરે કહ્યું કે, ભૂકંપ બાદ હવે સુનામીનો ખતરનો વધી ગયો છે. તો કેટલાક એક્સપર્ટસ સુનામીનો ખતરો નકારી રહ્યાં છે.

પેરુમાં ભૂકંપનો એવો ઝાટકો આવ્યો કે, લોકો હચમચી ગયા છે. શુક્રવારે પેરુના દરિયા કિનારે ૭.૨ ની તીવ્રતાનો ભૂકંપનો આ-ંચકો અનુભવાયો છે. જીએફઝેડએ પહેલા ભૂકંપની તીવ્રતા ૭.૨ બતાવી હતી. યુએસ નેશનલ સુનામી વોર્નિંગ સેન્ટર આંકડાના આધાર પર કહ્યું કે, ભૂકંપથી સુનામીનો ખતરો છે. જ્યારે કે, પહેલા તેણે સુનામીનું એલર્ટ આપ્યું ન હતું.

પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે અગાઉ કહ્યું હતું કે, કેટલાક દરિયા કાંઠો માટે જોખમી સુનામી મોજાની આગાહી છે. પરંતુ બાદમાં કહ્યું કે ખતરો પસાર થઈ ગયો છે. તેઓ કહે છે કે, આ ધરતીકંપથી હવે સુનામીનો ખતરો નથી. પેરુ દેશ પેસિફિક રિંગ ઓફ ફાયર પર આવેલું છે, જે તીવ્ર ધરતી કંપનના પ્રવૃત્તિનો વિશાળ વિસ્તાર છે, જે અમેરિકાના પશ્ચિમ કિનારે ચાલે છે. પેરુમાં દર વર્ષે ભૂકંપ આવે છે અને સેંકડો લોકો ભૂકંપનો ભોગ બને છે.

# ઝુલાસણમાં ગ્રામજનોએ સુનિતા વિલિયમ્સ માટે પ્રાર્થના કરી

મહેસાણા, તા.૨૮

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર સ્પેસથી પરત ફરતી વખતે અવકાશયાનમાં ફસાયા છે. સ્પેસક્રાફ્ટમાં હીલિયમ લીક થવાના કારણે તેઓ પરત ફરી શકતા નથી. સુનિતા જે સ્પેશયાનમાં પરત ફરવાના હતા એ યાનમાં ખામી સર્જાતાં સ્પેસમાં ફસાયા છે. જેને પગલે નાસા સહિત વિશ્વભરના લોકો ચિંતિત છે. આ વાતની ખબર પડતાં જ સુનિતા વિલિયમ્સના ઝુલાસણ ગામના લોકો ચિંતિત બન્યા છે. ગામના લોકો સુનીતા સુરક્ષિત પરત ફરે એવું ઈચ્છી રહ્યા છે. તેમની રક્ષા માટે પ્રાર્થના કરી રહ્યા છે. સ્કૂલના બાળકો અને ગ્રામજનોએ સુનિતા વિલિયમ્સની રક્ષા માટે શુક્રવારે સવારે અખંડ જ્યોત યાત્રા કાઢી હતી. ઝુલાસણ ગામના લોકો કે છે, સુનિતા



વિલિયમ્સ ગામની દિકરી છે, તેમણે દેશ દુનિયામાં ગામનું ગૌરવ વધાર્યું છે.

આ દિકરી મુસીબતમાં મુકાઈ છે એ જાણી ગામ લોકો ચિંતિંત બન્યા છે. ગામ લોકોએ આજે દોલા માતાજી સમક્ષ આજીજી કરી છે અને સુનિતા હેમખેમ પરત ફરે એ માટે માતાજી સમક્ષ અખંડ જ્યોત મુકી છે. સુનીતા સુરક્ષિત પરત ફરશે ત્યાં સુધી આ અખંડ જ્યોત મંદિરમાં પ્રજવલિત રાખવામાં આવશે. દોલા માતાજી પ્રત્યે ગામ લોકોની પૂર્ણ આસ્થા છે. ગામમાં સારા નરસા પ્રસંગે દોલા માતાજી સમક્ષ અરજ કરવામાં આવે છે.

આજે અખંડ જ્યોત રાખી સુનિતા વિલિયમ્સની રક્ષા માટે અરજ કરવામાં આવી છે. શનિવારે મંદિરમાં ૧૨ કલાક સુધી દોલા માતાજીની ધૂન કરવામાં આવશે અને રવિવારે સુનીતાની રક્ષા માટે મંદિરમાં યજ્ઞ કરવામાં આવશે.અગાઉ પણ જ્યારે સુનિતા સામે સંકટ ઉભું થયું હતું ત્યારે પણ અમે મંદિરમાં અખંડ જ્યોત રાખી પ્રાર્થના કરી હતી અને સુનીતા હેમખેમ પરત ફર્યા હતાં. આ વખતે પણ અમને પૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધા છે કે મા અમારી દિકરીને સુરક્ષિત પૃથ્વી પર પરત લાવશે.

# હિમાચલમાં પહાડો પરથી મોટા પથ્થરો ખસ્યા, કાટમાળ નીચે અનેક વાહનો દટાયા

શિમલા,તા.૨૮

ગુરુવારે રાત્રે અને શુક્રવારે સવારે દેશના મોટાભાગના ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે પહાડોમાં ભૂસ્ખલન જેવી ઘટનાઓ બની છે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાની આસપાસ ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું છે. ભૂસ્ખલનના કાટમાળ નીચે અનેક વાહનો ફસાઈ ગયા છે. જેના કારણે ત્યાં અરાજકતા સર્જાઈ હતી.આ વાહનો વરસાદ વચ્ચે પહાડો પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પહાડો પરથી મોટા પથ્થરો ખસી ગયા અને રસ્તા પરથી પસાર થતા વાહનોને ઘેરી લીધા. પહાડો પરથી પડેલા કાટમાળમાં ૩ થી ૪ વાહનો ફસાઈ ગયા હતા. કોઈ રીતે વાહનમાં હાજર લોકોએ પોતાનો જીવ બચાવ્યો હતો. ઘટના સ્થળે બૂમો પાડ્યા બાદ ત્યાંથી પસાર થતા વાહન ચાલકોએ લોકોનો જીવ બચાવ્યો હતો. તેમજ ઘટના અંગે પોલીસ અને સ્થાનિક પ્રશાસનને જાણ કર્યા બાદ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભૂસ્ખલન બાદ રસ્તા પરનો વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ભારે વરસાદ વચ્ચે પહાડોની મુલાકાતે આવતા પ્રવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હિમાચલના ઊંચાઈવાળા જિલ્લાઓમાં રસ્તાઓ વધુ પ્રભાવિત થયા છે. સ્થાનિક પ્રશાસને પણ ભારે વરસાદ અને ખરાબ હવામાનને લઈને એલર્ટ જાહેર કર્યું છે. સાથે જ હવામાન વિભાગે કહ્યું કે હિમાચલના ઘણા જિલ્લાઓમાં વધુ વરસાદની સંભાવના છે. તમને જણાવી દઈએ કે માત્ર પહાડોમાં જ નહીં પરંતુ ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં પણ વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાવા અને વાહનો ડૂબવા જેવી ઘટનાઓ સામે આવી છે. રાજધાની દિલ્હીના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે અડધાથી વધુ ટ્રક અને કાર રોડ પર જ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. નોઈડા સેક્ટર ૧૮ પાસે રોડ કિનારે ફૂટપાથની રેલિંગ તૂટીને પડી હતી.

# નેપાળમાં ખરાબ હવામાનને કારણે મૃત્યુનો આંક ૨૮ ઉપર પહોંચ્યો

કાઠમંડુ,તા.૨૮

નેપાળમાં ખરાબ હવામાને રોજિંદા જીવનને ખોરવ્યું છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના આગમનથી ગુરુવાર સુધી હવામાન સંબંધિત ઘટનાઓને કારણે ઓછામાં ઓછા ૨૮ લોકોના મોત થયા છે અને દેશ ભૂસ્ખલન, પૂર અને વીજળીથી પ્રભાવિત થયો છે. નેપાળના પૂર્વીય ભાગોમાં ૧૦ જૂને ચોમાસું આવ્યું અને ત્યારથી દેશ અનેક કુદરતી આફતોનો ભોગ બન્યો છે. વિવિધ જિલ્લામાંથી ભૂસ્ખલન, પૂર અને વીજળી પડવાની ૪૪ ઘટનાઓ નોંધાઈ હતી. નેપાળ ત્રણ મુખ્ય ભૌગોલિક પ્રદેશોમાં ફેલાયેલું છે - હિમાલયન ક્ષેત્ર, મધ્ય પર્વતીય ક્ષેત્ર અને તેરાઈ. હિમાલયની પર્વતમાળામાં ઘણી નાની અને મોટી નદીઓ વહે છે, જ્યાં આબોહવા પરિવર્તનને કારણે હવામાન સંબંધિત ઘટનાઓ વધી રહી છે. ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર પૂર્વી અને પશ્ચિમ નેપાળના પાંચ જિલ્લામાં ભૂસ્ખલન અને પૂરના કારણે ૧૫ લોકોના મોત થયા છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિસ્પોન્સ એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા દીજન ભટ્ટરાઈના જણાવ્યા અનુસાર, ભૂસ્ખલનને કારણે લમજુંગ અને તાપ લેજુંગ જિલ્લામાં પાંચ-પાંચ, કાસ્કીમાં બે અને સંખુવાસભા અને ઓખાલધુંગા જિલ્લામાં એક-એક લોકોના મોત થયા છે. તેમણે જણાવ્યું હતું કે મોરાંગ જિલ્લામાં પૂરને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય એક વ્યક્તિ ગુમ થયો હતો. ભૂસ્ખલનને કારણે આ વિસ્તારોમાં ૩૦ મકાનોને સંપૂર્ણ નુકસાન થયું છે. તેવી જ રીતે, ૧૧ જીલ્લાઓમાં ૧૩ લોકોના મોત થયા હતા.

# પાક.ના કરતારપુર સાહિબમાં મહારાજા રણજીત સિંહની પ્રતિમાનું અનાવરણ



લાહોર, તા.૨૮

શીખ સામ્રાજ્યના પ્રથમ શાસક મહારાજા રણજીત સિંહની પ્રતિમાનું બુધવારે કરતારપુર સાહિબ ખાતે ૪૫૦ થી વધુ ભારતીય શીખોની હાજરીમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે આ પહેલા ધાર્મિક કટ્ટરપંથીઓએ તેમની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું હતું. પ્રતિમાનું પુનઃ નિર્માણ અને સ્થાપન કરવામાં આવ્યું છે. પાકિસ્તાન અને ભારતના શીખ સમુદાયના સભ્યોએ સમ્રાટની સ્થાપિત પ્રતિમાની સામે ફોટોગ્રાફ્સ માટે પોઝ આપ્યો હતો.પંજાબના પ્રથમ શીખ મંત્રી (લઘુસંખ્યકો માટે) અને પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના પ્રમુખ રમેશ સિંહ અરોરાએ પ્રતિમાનું ઉદ્ઘાટન કર્યુ હતું. કરતારપુર સાહિબને ગુરુદ્વારા દરબાર સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે લાહોરથી લગભગ ૧૫૦ કિમી ઉત્તર-પૂર્વ માં ભારતીય સરહદની નજીક સ્થિત છે. અરોરાએ પીટીઆઈને કહ્યું, ''અમે આજે સ્થાનિક અને ભારતીય શીખોની હાજરીમાં ગુરુદ્વારા દરબાર સાહિબ, કરતારપુર સાહિબ ખાતે મહારાજા રણજીત સિંહની પ્રતિમા સ્થાપિત કરી છે.''૪૪ વર્ષીય પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના નેતાએ કહ્યું કે પુનઃસ્થાપિત પ્રતિમા મુખ્યત્વે કરતારપુર સાહિબ ખાતે મૂકવામાં આવી છે જેથી કોરિડોરનો ઉપયોગ કરીને સરહદ પાર કરીને અહીં આવતા ભારતીય શીખો પણ તેને જોઈ શકે. ''કરતારપુર ખાતે, શીખ નેતાની પ્રતિમા માટે પણ વધુ સારી સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે, જે અગાઉ લાહોર કિલ્લામાં તોડફોડ કરવામાં આવી હતી,'' અરોરાએ જણાવ્યું હતું.મહારાજા રણજીત સિંહની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલી ઉજવણીમાં ભાગ લેવા ગયા અઠવાડિયે ભારતથી અહીં આવેલા ૪૫૫ શીખોએ પ્રતિમાના ઉદ્ઘાટનમાં હાજરી આપી હતી.

# ભુજ હોમગાર્ડ કચેરી માંથી તો ખજાનો નીકળ્યો !

**ગઇકાલે હોમગાર્ડ કમાન્ડન્ટની ચેમ્બરમાં રખાયેલા ટેબલ પર ધ્યાન જતા તે જુનો પટારો હતો તેની તપાસ કરાતા તેમાં રાજાશાહી સમયની પૌરાણીક ચાંદીની વસ્તુઓ મળી આવી હતી. જે સંલ્ગન તંત્ર દ્વારા તંત્ર ને પેટારો સોંપવામાં આવ્યો.કદાચ જવાબદાર તંત્રતો આ ભુલી જ ગયુ હતુ**






ભુજ તા.૨૮

જુની મામલતદાર કચેરી અને તાજેતરમાંજ જ્યા જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટને ચેમ્બર ફાળવાઇ છે. ત્યાથી કિંમતી કહી શકાય તેવો રાજશાહી સમયના ચાંદીના આભુષણો તથા અન્ય એન્ટીક વસ્તુઓ મળી આવી છે. હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષ બારોટના ધ્યાનમા આ વાત આવતા તેઓએ અહી પહેલા જુની મામલતદાર કચેરી કાર્યરત હોય તેમની વસ્તુ હોવાના અનુમાન સાથે પ્રાન્ત અધિકારી અનિલ જાદવ ને જાણ કરી હતી. જે બાદ તેને સંલગ્ન તંત્ર ત્યા દોડી આવ્યા હતા. ઓફિસમાં રાખેલ જુના જમાના ના પટારા ની તપાસ કરતા તેમાંથી રાજાશાહી વખતની ચાંદીની પૌરાણિક વસ્તુઓ મળી આવી હતી. જુની ટંકશાળ તરીકે ઓળખાતી આ જગ્યા પર ભુકંપ બાદ મામલતદાર કચેરી કાર્યરત હતી. પ્રાન્ત અધિકારીએ તાત્કાલિક તપાસ માટે મામલતદાર એન.એસ મલેક, સર્કલ ઓફિસર અમિત યાદવ જાગીર શાખાના શિલ્પાબેન ઠક્કર નાયબ મામલતદાર શિવજી પાયણ સહિતના સ્ટાફને મોકલ્યા હતા અને ત્યાં તપાસ કરતાં તે પટારો ભૂકંપ સમયે કોઈ જાગીર દ્વારા જમા કરાવવામાં આવેલ હોવાનું જાણવા મળ્યુ તે બાદ સમગ્ર કચેરીને સીલ કરવામાં આવી હતી ઓફિસનું સ્થળાંતર થતાં આ પટારા સહિતની ચીજ વસ્તુઓ રહી ગઈ હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષ બારોટ સાથે જિલ્લા કચેરીના જુનિયર ક્લાર્ક શીવા રબારી,અમરસિંહ.એલ.તુંવર, ભુજ યુનિટ ના ઓફિસર કમાન્ડિંગ વારિસ પટણી હોમગાર્ડ સહિતનો સ્ટાફ જોડાયો હતો જિલ્લા કમાન્ડટ ની સમય સુચકતા અને જાગૃતિને કારણે વર્ષોથી પડેલ આ કિંમતી માલ સામાન મળી આવ્યો હતો જે ગુરૂવારે સંલગ્ન તંત્રને સોંપવામાં આવ્યો હતો.

### તંત્ર શુ આ કિંમતી વસ્તુ ભુલી ગઈ હતી

અહી હોમગાર્ડના અધિકારીની સતર્કતાથી કિંમતી વસ્તુઓ હેમખેમ મળી આવી હતી. પરંતુ અહી સ્થાનીક તંત્ર સામે અનેક સવાલો ઉભા થાય છે કેમકે રાજાશાહી વખતની એન્ટીક વસ્તુઓનો આખો પટારો અહી પડ્યો હતો પરંતુ તંત્રને શુ ખબર ન હતી જો કે તંત્રનુ ધ્યાન દોરાયા બાદ તંત્ર દોડતુ થયુ હતુ. હાથી,હથિયારો સહિત કિંમતી ચાંદીની વસ્તુઓ અહી પડી હતી પરંતુ કોઇ તંત્રનુ ધ્યાન જ ન હતુ જો કે બાદમાં તંત્રએ સીલ કરી તમામ મુદ્દામાલનુ પંચનામુ કરી તમામ વસ્તુઓ હસ્તગત કરી અને સલામત રાખી હતી. ભુકંપ સમયે કોઇ સ્થળેથી આ વસ્તુઓ મળ્યા બાદ સરકારમાં જમા કરાવાઇ હતી પરંતુ તંત્રતો તેને ભુલીજ ગયુ હતુ જે અનેક સવાલો ઉભા કરે છે.

# મુંદરા અલખનંદા સોસાયટીમાં થયેલ ચોરીનો ભેદ મોબાઈલ એકટિવ થતા ઉકેલાયો

ભુજ તા.૨૮

ગયે મહિને મુંદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી લોકલ ક્રાઇમ બ્રાન્ચ ભુજ દ્વારા એક ઈસમને ઝડપી પાડ્યો છે. ગત તા.૮/૦૫ થી ૯/૦૫ દરમ્યાન મુંદરા શહેરની અલખનંદા સોસાયટીમાં અજાણ્યા ઈસમોએ ઘરનું તાળુ તોડી બેડ રૂમમાં રાખેલ તીજોરીમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા તથા મોબાઈલ ફોનની ચોરી કરી હતી. જે બાબતે મુંદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ.

આ ગુનો શોધી કાઢવા એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજના પો.ઈન્સ્પે.એસ.એન. ચુડાસમા તથા સબ.ઈન્સ.ટી.બી. રબારી દ્વારા લોકલ ક્રાઇમ બ્રાન્ચના કર્મચારીઓને સૂચના આપેલ જે સૂચના મુજબ એ.એસ. આઇ.વાલાભાઈ ગોયલ, સુરેન્દ્રસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ રાઠોડ,શકિતસિંહ ગઢવી, નવિનકુમાર જોષી તથા મહીપ ાલસિંહ પુરોહીત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સીસ આધારે ખાનગી રાહે બાતમી મળેલ કે આ ચોરી થયેલ મોબાઈલ ફોન મુંદરા મધ્યે એકટીવ થયેલ છે, જે આધારે તપાસ કરતા અરવિંદ પરબત કોલી (રહે.



મુંદરા,મુળ ગાગોદર તા.રાપર) વાળાના કબ્જામાં મળી આવેલ જેથી આ ઇસમની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા તેણે જણાવેલ કે, આ મોબાઈલ ફોન આશરે દોઢ બે માસ પહેલા પોતે તથા રમેશ પરબત, નંદિમ ઓસમાણ ઉર્ફે મુન્નો જતે મળી મુંદરા મધ્યે આવેલ અલખનંદા સોસાયટીમાં રાત્રીના સમયે અમો ત્રણેય ભેગા મળી એક બંધ મકાનનું તાળુ તોડી તેમાંથી સોના-ચાંદીના ઘરેણા તથા રોકડા રૂપીયા તેમજ આ મોબાઈલ ફોનની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ જેથી મજકુર ઈસમની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે, અન્ય બે ઈસમોને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે. પકડાયેલ આરોપી પાસેથી મોબાઈલ ફોન કિ.રૂ.૩,૦૦૦ હસ્તગત કરાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

# ભચાઉ તાલુકામાં મેલેરિયા વિરોધી માસની કરાઈ ઉજવણી



ભચાઉ તા.૨૮

ભચાઉ તાલુકા આરોગ્ય કચેરી દ્વારા જુન માસ મેલેરિયા વિરોધી માસ ઉજવણી અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસર ડો. નારાયણ સિહના માર્ગદર્શન થી ચેરા વાંઢ, સુરજબારી, ચાંદ્રોડી, સિવલખા, વોંધ, પીપરા વાંઢ, નવા કટારિયા, ઘરાણાં, લલીયાણા, આબલીયારા, લાખાસરી, અમરાપર, ચાંપાર, બાંભણકા, રતનપર, કડોલ, કણખોઈ, કકરવા, ભરૂડિયા, લુણવા, ગોકુળગામ, શિકરા, ચોપડવા, નરા, લાખાવટ, વિજપાસર, તોરણીયા, ભચાઉ શહેરમાં જુના વાડા, હિમતપુરા વગેરે ગામોમાં મેલેરિયા નિદાન કેમ્પ તેમજ ઘરો ઘર સર્વે નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં દર્દીઓ ને સ્થળ પર તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. લેબોરેટરી ટેકનીશીયન દ્વારા સ્થળ પર લોહીની તપાસ કરાઈ હતી. આરોગ્ય કર્મચારીઓ, આશા બહેનો દ્વારા ગૃહ મુલાકાત લઈ જન સમુદાય ને મેલેરિયા થી બચવાના ઉપાયો વિષે માહિતગાર કરાયા હતા. ઉપરોક્ત ગામોમાં શિબિર અને જૂથ ચર્ચા દ્વારા લોકો ને મેલેરિયા થી બચવાના ઉપાયો જેવા કે વરસાદી પાણી નો ભરાવો ન થવા દેવો,ખાડા ખાબોચિયા નો નિકાલ કરવો, કે પાણી ભરાય તો બળેલું ઓઈલ કે કેરોસીન છાંટવું, સવાર સાંજ બારી બારણા બંધ રાખવા, ઘર માં લીંબડા નો ધુવાળો કરવો, બારી દરવાજા માં નેટ લગાવવી,દવા યુક્ત મચ્છર દાની માં સુવું,ઘર નાં પાણી ભરાયેલ પાત્રો ની સફાઈ રાખવી વગેરે માહિતી આપી હતી.

# પૂર્વ સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મ પત્નીઓ માટે જાણવા જોગ

ભુજ તા.૨૮

કચ્છ જિલ્લામાં વસવાટ કરતાં અને કચ્છ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ કચેરી, ભુજનું ઓળખપત્ર ધરાવતા અથવા નવા નિવૃત્ત થયેલા તમામ પૂર્વ સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મપત્નીઓને નિયામક સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ કચેરી, અમદાવાદની દેખરેખ હેઠળ www.esm.gujarat.gov.in ઉપર રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય હોવાથી વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવી લેવું. તેમાં કોઈ મુશ્કેલી જણાય તો કચેરીના ફોન નંબર ૦૨૮૩૨ - ૨૨૧૦૮૫ પર ફોન કરી આગોતરી એપોઈટમેન્ટ મેળવી જરૂરી દસ્તાવેજો સાથે રજિસ્ટ્રેશન માટે કચેરીનો સંપર્ક કરવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ અધિકારી ભુજ (કચ્છ)ની અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

# રવિવારે ભુજ સ્વામિનારાયણ મંદિર હમીરસરમાં સફાઈ કરશે

ભુજ તા.૨૮

સમગ્ર કચ્છમાં ચોમાસા નો રંગ જામે તે પહેલાં હમીરસર તળાવ (સરોવર) માં સફાઈ અભિયાન નો એક કાર્યકર્મ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા રાખવામાં આવેલ છે આ સફાઈ અભિયાનમાં ભુજ મંદિરના મહંત સ. ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસ, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદજીવનદાસ, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી નારાયણ મુનિદાસ આદિ સંતોની આજ્ઞા થી તા.૩૦/૬ રવિવાર ના રોજ સવારે ૭.૩૦ વાગ્યા થી રામ ધુન ની સામે આવેલા આરા પાસે થી શરૂ કરવામાં આવશે જેમાં ભુજ મંદિરના સંતો, સાંખ્યયોગી બહેનો ભુજ ચોવિસી ગામોના હરીભક્તો યુવાનો, વડીલો બહેનો ભાઈઓ જોડાશે.. આ સેવાશ્રમ માં શહેરી જનો, સંસ્થાઓ, જ્ઞાતિ મંડળો વિગેરે વધારે માં વધારે લોકો જોડાય તેવું ભુજ મંદિર તરફથી આહવાન કરવામાં આવ્યું છે.

# માંડવી શહેરને કોલેરાગ્રસ્ત જાહેર કરાતા કોગ્રેસે સવાલો ઉઠાવ્યા

માંડવી, તા.૨૮

માંડવી શહેરને કોલેરાગ્રસ્ત જાહેર કરાતા કોગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યાનુસાર ગુજરાતમાં ભાજપ ની સરકાર તાયફાઓ કરી સસ્તી પ્રસિધ્ધિ મેળવી રહી છે અને પ્રવેશોત્સવના નામે ધતિંગ આચરી રહી છે તેવા સંજોગોમાં માંડવી શહેરમાં કોલેરાએ ભરડો લીધો છે અને મોટા પ્રમાણમાં કેસો આરોગ્ય વિભાગનાના ચોપડે નોંધાયેલા છેજે ખરેખર શરમજનક બાબત છે કારણ કે ભાજપ સરકારની કથની ને કરણીમાં ફરક છે તેના નેતાઓ બેફામ વાણી વિલાસ કરી રહ્યા છે પરંતુ આરોગ્ય ક્ષેત્રે કામગીરી શૂન્ય છે સરકારી દવાખાનાઓમાં સ્ટાફ નથી સરકાર આરોગ્યની ખૂટતી જગ્યાઓ ભરાતી નથી તેવા સંજોગોમાં કોલેરા જેવી આફત જીવલેણ નીવડે તે પહેલા સરકારે જાગવું જોઈએ અને જે અસરગ્રસ્ત કોલેરા ગ્રસ્ત છે તેમને અસરકારક સારવાર આપવી જોઈએ ઉપરાંત બહારની જે ટીમો દ્વારા કામગીરી કરાઈ રહે છે તે ખરેખર વાત વાસ્તવિકતાથી દૂર છે અગાઉ લમ્પી વાયરસમાં પણ સરકારી આવી ઘણી મોટી જાહેરાતો કરી અને સફળ કામગીરી ના વ્યર્થ દાવાઓ કરી અને રોગચાળાને અંકુશમાં લેવાની વાત કરી હતી પરંતુ પરિણામ શૂન્ય હજી લંપી વાયરસના અસરગ્રસ્તોને, પશુપાલકોને સહાય મળેલ નથી જેથી આ કોલેરાને નાથવા માટે સરકારે માનવતાના ધોરણે કામગીરી કરવી જોઈએ અને આ જાનને જોખમમાં નાખનાર કોલેરા જેવા ભયંકર રોગને કાબુમાં લેવા અને અસરગ્રસ્તોના સાચા આંકડા કચ્છની પ્રજા સમક્ષ જાહેર કરવા જોઈએ. જિલ્લાનું આરોગ્ય તંત્ર સદંતર નિષ્ફળ નિવડેલ છે અધિકારીઓ પ્રજા સાથે દ્રોહ કરી રહેલ છે જે બાબતની પણ તપાસ કરવામાં આવે અને ખરેખર ગુજરાતના આરોગ્ય મંત્રી અને સ્થાનિક ધારાસભ્યશ્રીએ પોતાની નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ એવી માંગ કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા તથા માંડવી તાલુકા પ્રમુખ ખેરાજ ગઢવી, માંડવી શહેર પ્રમુખ અકબર મંધરા,પુનિત જોશી, હાજી ભોલુ શેઠ દ્વારા કરાઈ છે.

# રાપર તાલુકા ગ્રામીણ વિસ્તારોમાં ધારાસભ્યની હાજરીમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



રાપર તા.૨૮

રાજયમાં પ્રાથમિક, માધ્યમિક શાળા તથા બાલવાટિકામાં પ્રવેશ આપવા માટે રાજય સરકાર દ્વારા સત્ર શરૂ થયાના ગાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે. દશમા શાળા પ્રવેશોત્સવ દરમિયાન તાલુકાની જુદી જુદી શાળામાં, પ્રવેશોત્સવ ઉજવાયો હતો, જેમાં ૨૨ ગામે રાપર બેઠકના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા દ્વારા બાળકોને શાળા પ્રવેશોત્સવ આપવામાં આવ્યો હતો, વ્યવસ્થા શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી આ સમયે અનેક રાજકીય તથા સામાજિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે રાપર તાલુકા વિકાસ અધિકારી એ.આર.ત્રિવેદીએ નિલપર, ખીરઈ, સોનટેકરી, ડાવરી, દેશલપર ખાતે શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો, તેમાં ધારાસભ્ય શ્રી જાડેજા, તા.વિ. અધિકારી શ્રી ત્રિવેદીએ ઉપસ્થિત વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજના આધુનિક યુગમાં શિક્ષણ વગર બધું નકામું છે. આજે યોજાયેલા શાળા પ્રવેશોત્સવ દરમિયાન તાલુકા મામલતદાર એ.એમ.પ્રજાપતિ, ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા, બીઆરસી અશોક ચૌધરી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અરજણ ડાંગર વિગેરે ઉપસ્થિત રહી જુદી જુદી શાળાઓમાં પ્રવેશોત્સવ કરાવ્યો હતો.'

# વિગોડી પ્રા.શાળામાં પ્રવશોત્સવઃ બાળકોને સ્કુલ બેગ, શૈક્ષણિક કીટ અપાઈ



**આણંદપર(યક્ષ) :** નખત્રાણાના વિગોડી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આંગણવાડીનાં બાળકો, બાલ વાટિકા અને ધોરણ ૧ ના પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, શૈક્ષિણક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. મુખ્ય મહેમાન દ્વારા સરકારની વિવિધ શિક્ષણને લગતી યોજના વિશે માહિતગાર કરાયા હતા, શૈક્ષણિક કીટ, તીથી ભોજન, મંડપના દાતા વીગોડી ગામના સરપંચ ભરત વાઘેલા રહ્યા હતા, તેમનું શાળાના આચાર્ય કેતન ગઢીયા દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું. શાળામાં વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પણ બિરદાવી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે સરપંચ ભરત વાઘેલા, પંચાયતની ટીમ, આગેવાનો, શાળાના એસ.એમ.સી.ના સભ્યો, વાલીગણ તથા શાળા શિક્ષકો હાજર રહ્યા હતા.

# પ્રવેશોત્સવ કરતા કથળતા જતા શિક્ષણને સુધારવું વધુ જરૂરી




ભુજ તા.૨૮

કચ્છના છેવાડાના સરહદી અને પછાત એવા લખપત તાલુકામાં શિક્ષણ કથળ્યું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે જોકે આ તાલુકામાં પણ વાજતે ગાજતે પ્રવેશોત્સવ તો થયો પણ શિક્ષણપ્રેમી જાગૃત નાગરિકોનું કહેવું છે કે, ત્રીસ ટકા શાળાઓ માં ચાલતી બેજવાબદારી ઉડીને આંખે વળગે છે, શાળાઓ સમય કરતાં મોડી ચાલુ થાય છે, બહારથી મુકાયેલા શિક્ષકો મોટા ભાગના સાવ નાનકડા ગામમાં રહેવાનું પસંદ નથી કરતા અને ૧૫ થી ૨૦ કી.મી.ના અંતરેથી અપડાઉન કરતા હોવાથી નિર્ધારિત સમય કરતા શાળાએ મોડા પહોંચે છે, જોકે સ્થાનિકે રહેતા શિક્ષકોની સંખ્યા માત્ર આ તાલુકામાં જ નહી, મોટા ભાગના વિસ્તારોમાં નહિંવત છે, સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે મોટા ભાગની શાળાઓ સમય કરતાં મોડી ખુલ્લે છે, ક્યાંક શિક્ષકની ઘટ, તો ક્યાંક ધોરણ પાંચ સુધી જ એકલ દોકલ શિક્ષકથી ગાડું ગબડાવવામાં આવે છે લખપત તાલુકામાં શિક્ષણમાં ભાવી પેઢી પાછળ ન રહે તે માટે વાલીઓએ પણ પોતાની ફરજ બજાવી પડશે, દરેક શાળામાં એક એસ.એમ.સી.ની સમિતિ હોય છે અને એ સમિતિના અધ્યક્ષ સ્થાનિકે રહેતા વાલી જ હોય છે, પોતાના વિસ્તારમાં શાળાઓની નિયમિત મુલાકાત લઈ શિક્ષકો સમયસર આવે છે કે નહીં તેની ચિંતા કરવી જોઈએ અને શિક્ષણમાં સુધારો આવે તેવા પ્રયાસો કરવા જોઈએ, મોડા પહોંચતા શિક્ષક પર કાયદેસરની કાર્યવાહી કરવા શિક્ષણ તંત્રનું ધ્યાન દોરી ત્વરિત પગલાં ભરાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યું છે. વાજતે ગાજતે પ્રવેશોત્સવ થાય તેમાં કોઈને વાંધો ન હોઈ શકે, પરંતુ તે શાળા સમયસર ખુલ્લે અને નિયમ મુજબનું શિક્ષણકાર્ય થાય તેની તંત્ર સાથે લોકો પણ જવાબદારી નિભાવે તો જ પરિણામ મળે તેવી પરિસ્થિતિ છે.

# મુન્દ્રા તાલુકાના વિવિધ ગામોમાં "શાળા પ્રવેશોત્સવ"



મુન્દ્રા તા.૨૮

"ઉજવણી ઉલ્લાસ મય શિક્ષણની" ટેગલાઈન સાથે સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ ૨૮ જૂન સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ -૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત માંડવીના ધારાસભ્ય અનીરૂધ્ધ દવેના અધ્યક્ષસ્થાને મુન્દ્રા તાલુકાના વિવિધ ગામોમાં પ્રાથમિક અને માધ્યમિક શાળામાં"શાળા પ્રવેશોત્સવ" કાર્યક્રમ યોજાયા હતા. જેમાં. ભોપા વાંઢ ગામે સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કુલ ૨૮ બાળકોને પ્રવેશ મહેમાનો દ્વારા કરાવાયો હતો. ટુંડા ગામે સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ ૪૦ બાળકોને પ્રવેશ મહેમાનો દ્વારા કરાવાયો હતો. મોટા કાંડાગરા ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કુલ ૮૦ બાળકો ને પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે,બાળકોએ દેશનું ભવિષ્ય છે ત્યારે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે જોવાની જવાબદારી દરેક નાગરિકની છે. જે અંતર્ગત જશાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે દરેક માતા-પિતા પોતાના બાળકને શાળામાં પ્રવેશઅપાવે તેવી અપીલ તેમણે કરી હતી. ગુજરાત સરકાર ની "નમો લક્ષ્મી" અને "નમો સરસ્વતી" વિદ્યા પ્રોત્સાહક યોજના ની વાલીઓ ને સમજ આપી અને બાળકો ના ઉજ્જવળ ભવિષ્ય ની શુભેચ્છાઓ આપી હતી. મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રોતસાહિત કરાયા હતા.

# સુંદરપુરી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ

**શાળા પ્રવેશ ઉત્સવ સાથે અનેક કાર્યક્રમો આયોજીત કરાયા હતા.સાથે શૈક્ષણીક કાર્યમાં મદદરૂપ દાતાના સન્માન સાથે વૃક્ષારોપણનુ મહત્વ સમજાવવામા આવ્યુ હતુ અગ્રણીઓએ શાળાના કાર્યની પ્રસંશા કરી હતી**





મુન્દ્રા તા.૨૮

જૂની સુંદરપુરી પ્રાથમિક શાળા ગાંધીધામ મધ્યે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સચિવાલય ગૃહ વિભાગમાંથી નાયાબ સચિવ અનિતા જુલા હાજર રહ્યા હતા તદઉપરાંત ગાંધીધામ નગર પાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન પુનિત દુધરેજીયા,શિક્ષણવિદ્ કૈલાશ ભટ્ટ, બીઆરસી લાલજી ઠક્કર, સીઆરસી ધ્રુવી અમૃતિયા, ગાંધીધામ નગરપાલિકા નગરસેવક નેતલ મજીરાણા,મહેશ્વરી સમાજના પ્રમુખ શિવજી વિગોરા મારવાડી યુવા મંચના મહામંત્રી અનિલ જૈન તથા એ.બી. પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.જેમને શાળાના આચાર્ય હિરેન પંચાલે તથા બાળકો દ્વારા આવકારવામાં આવ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો રોશિયા શીતલ તથા મહેશ્વરી વિરેન્દ્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ જેમાં જ્યોતિ રોહિતે માર્ગદર્શન આપ્યુ હતુ સરકાર માંથી મળેલ વિવિધ સાહિત્યનું પ્રદર્શન પણ કાર્યક્રમમાં ગોઠવવામાં આવ્યુ હતુ જે દીપમાલા અગ્રવાલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યુ હતુ સમગ્ર કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, બાલવાટિકા તથા ધોરણ ૧ ના ૬૫ બાળકોનો પ્રવેશોત્સવ, શાળાના તેજસ્વી તારલાઓ નું સન્માન તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઇ મેરિટમાં આવેલ બાળકોને સન્માનિત કરાયા હતા મારવાડી યુવા મંચ-ગાંધીધામ, આચાર્ય હિરેન પંચાલ, શિક્ષક હેમા જોશી વગેરે તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો જે દાતાઓને પણ સન્માન કરાયુ હતુ કાર્યક્રમમાં રમેશ કબીરા, ચમન સીરેસિયા, જીજ્ઞાશા પટેલ, શીતલ બાટી, ચંદ્રિકા રાઠોડ, હેતલ દવે, રશ્મિ પરમાર, બીના રામી, રેશ્મા મુર્જાણી તથા શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી તેમજ સમગ્ર શિક્ષા સ્ટાફ માંથી સતિષ પંચાલ, શૈલેષ ખેમાણી વગેરે પણ સહયોગી રહ્યા હતા કાર્યક્રમ સાથે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ તેમજ શાળા નિરીક્ષણ કરાયુ હતુ ઉપસ્થિતોએ શાળાના કાર્યની પ્રસંશા કરી હતી.

# પૂર્વ કચ્છમાં વાહનના પસંદગીના નંબર મેળવવા ગોલ્ડન, સિલ્વર નંબર સિરિઝનું ઓકશન કરાશે

ભુજ તા.૨૮

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અંજાર દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનો (૩-વ્હીલ પેસેન્જર સિવાયના)ના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ GJ-૩૯-TA નું ઓકશન શરૂ કરવામાં આવનાર છે.

પૂર્વ કચ્છના અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપરની મોટરીંગ પબ્લિક માટે ઓનલાઇન અરજી તા.૦૪/૦૭ સમય સાંજે ૦૪ કલાકે શરૂ થશે, અરજી કરવાની છેલ્લી તારીખ ૦૬/૦૭, સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઇ-ઓકશનની શરૂઆત તા, ૦૬/૦૭, સમય સાંજે ૪ કલાક સુધી, અને સમાપ્તિ તા. ૦૮/૦૭, સાંજે ૪ કલાકે થશે. સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર રૂ.૪૦,૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર રૂ.૧૫,૦૦૦ તથા અન્ય નંબરોના ફીના દર રૂ.૮,૦૦૦ રહેશે. જાહેર કરેલા નંબરોમાંથી જે નંબર ઓનલાઇન ઉપલબ્ધ હશે તે નંબર મેળવી શકાશે. પસંદગીનો નંબર મેળવવા ઇચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા http://parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશનરની કચેરીના પરિપત્રની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે,પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઇનવોઇસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસની અંદર www.parivahan.gov.in વેબસાઇટ પરથી CNA ફોર્મ ભરી લેવાનું રહેશે, આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે,૬૦ દિવસમાં અરજદાર ચોઇસનો કોઇ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહી, અરજી તારીખથી ગણતા ૬૦ દિવસે રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહી.

આ ૬૦ દિવસની મર્યાદા અરજદારને માત્ર વધુ ઓકશનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે. ૬૦ દિવસની મર્યાદાના કારણે કામચલાઉ નોંધણી પ્રમાણપત્રપુરૂ થયા બાદ તેમનું વાહન અનરજીસ્ટર્ડ ગણાશે તેમજ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

અરજદારે હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણા જમાં કરાવવાના રહેશે,જો આ નિયત મર્યાદામાં નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મુળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે, જેમાં અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહી.

ઓનલાઇન ઓકશન દરમિયાન અરજદારે આર.બી.આઇ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા પરત કરવામાં આવશે,તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અંજારની યાદીમાં જણાવાયું છે.

# શ્રીમાળી સાત ચોવીસી જૈન સમાજ દ્વારા સમુહ સગાઈ તથા લગ્નોત્સવ યોજાશે

## ફેબ્રુઆરી ૨૦૨૫માં વડતાલ આણંદ ખાતે આયોજન

મુદ્રા તા.૨૮

કચ્છ વાગડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિસા શ્રીમાળી સાત ચોવીસી સમાજ દ્વારા સમુહ સગાઈ તથા સમુહ લગ્નતોસવ ભારે ધામધૂમથી ઉજવવામાં આવશે. તાજેતરમાં પ્રમુખ ધિરજ સંઘવીના નેજા હેઠળ એક મિટિંગ યોજાઇ હતી જેમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો, તૃતીય સમૂહ સગાઈ ઉત્સવ તા.૨૨/૨/૨૫ ના તથા તારીખ ૨૩/૨ ના ૧૮મો સમુહ લગ્નત્સવ યોજવામાં આવશે.

જાજરમાન સગાઈ તથા રજવાડી સમુહલગ્નમાં વધારેમાં વધારે પરિવારો જોડાય તે માટે આગોતરી જાણકારી પરિવારોને આપવામાં આવી છે, પ્રમુખ ધીરજ સંઘવી તથા ઊપપ્રમુખ કાંતિભાઈ મહેતાએ જણાવ્યું હતૂ કે સમુહલગ્નમાં સમયનો બચાવ થાય છે તથા આ સમુહલગ્ન એક જ સ્થળે યોજાય છે તેથી એકબીજાની ઓળખાણ સાથે પરિચય વધે છે.

આ સમુહલગ્ન વડતાલ આણંદ ખાતે યોજાશે જેની તૈયારી થઈ રહી છે વધુ જાણકારી માટે તથા લગ્ન માં જોડાવા માટે અમૃતલાલ વોરા મો:૯૮૭૯૩ ૩૩૯૫૧, ભોગીલાલ મગવાણી મો: ૯૮૭૯૭ ૩૬૮૪૫, રમેશ કોઠારી મો: ૯૮૨૫૭ ૮૨૬૮૨નો સંપર્ક કરવા અનુરોધ કરાયો હોવાનું અહીંના યુવા અગ્રણી વિનોદ મહેતા એ જણાવ્યું હતું.

# એમ.ટેકમાં ભુજનો યુવાન યુનિ.માં પ્રથમ



આણંદપર(યક્ષ)તા.૨૮

માસ્ટર ડિગ્રી માટે મહત્વની ગણાતી એમ.ટેકની ફાઇનલ પરીક્ષામાં મૂળ માધાપર (મંજલ), હાલે ભુજ રહેતા યુવાન હર્ષ રમેશભાઈ પોકારે ૧૦ માંથી ૧૦ SGPA સાથે અદાણી યુનિવર્સિટી માં અનુસ્નાતકના તમામ અભ્યાસક્રમોમાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલના હકદાર બનવાની સિદ્ધિ મેળવી પોતાના પરિવાર અને સમાજને ગૌરવ અપાવ્યું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ ભુજની સ્વામિનારાયણ માધ્યમિક શાળામાં કર્યા બાદ આગળ એન્જિનિયરિંગનો અભ્યાસ અમદાવાદ ખાતે કર્યો હતો.

માસ્ટર ડિગ્રી અમદાવાદમાં અદાણી યુનિવર્સિટીમાંથી પાસ કરી છે, અદાણી યુનિવર્સિટીમાં ઈસરો દ્વારા સેમિનારનું ગત વર્ષે આયોજન કરાયું હતું. જેનું મેનેજમેન્ટ તેમજ એક્રરિંગ પણ હર્ષ પોકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ તેને ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે, હર્ષના કાકા સુરેશ પોકાર ભુજની સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં આચાર્ય પદે છે.

તેમણે પણ એમ.એસ.સી અમદાવાદમાં યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયન્સમાં મેથેમેટિક વિષય સાથે ગોલ્ડ મેડલ મેળવેલ છે. જ્યારે તેના પિતા ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના મંત્રી સહિત સેવાકીય, ધાર્મિક, સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

સમાઈલ પ્લીસ

## આજે રાષ્ટ્રીય કેમેરા દિવસ



# ૨૦૦ વર્ષોમાં કેમેરાની ટેકનિકમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું

૨૮ જૂને રાષ્ટ્રીય કેમેરા દિવસ ઉજવાય છે. હાલના સમયમાં કેમેરાનુંવધુમહત્વછે.પ્રવાસનેપ્રોત્સાહનઆપવામાટેકેમેરોએક મહત્વપૂર્ણ માધ્યમ છે. પ્રવાસને પ્રોત્સાહન આપવા માટે કેમેરો એક મહત્વપૂર્ણ માધ્યમ છે. જ્યારે કોઈ પર્યટક સ્થળના આકર્ષક ફોટો કે વિડીયો જુએ છે તો તેમના મનમાં તેમને જોવાની લાલચ થાય છે. પર્યટક જ્યારે કોઈ ખુબસુરત ચિત્ર કેમેરા માં કેદ કરે છે, તો તે તેમના માટે એ યાદગાર પળ રહે છે. જૂની યાદોને તાજી કરવા નવી ક્ષણોને યાદગાર બનાવવા માટે કેમેરો આજે લોકોની જીવનશૈલીનો એક મહત્વનો ભાગ બની ચૂક્યો છે. કેમેરામાં ફોટો લેનારની બુદ્ધિની તાર્કિક શક્તિ અને દષ્ટિકોણને વધારવા માટે મહત્વપુર્ણ ભૂમિકા નિભાવે છે.

કેમેરો જેને ફોટોગ્રાફર્સને જન્મ આપ્યો છે. પ્રકૃતિ,પક્ષી, વન્યજીવ, સમુદ્ર, પર્વત, સ્મારક, ધાર્મિક સ્થળ, મેળા-ઉત્સવો, સામાજીક કાર્યક્રમો, ફિલ્મ,ટીવી વેગેરેના નિષ્ણાંત ફોટોગ્રાફરો કેમેરાના પિતા છે.માનવામાં આવે છે કે, ફ્રાંસના જોસફ નીપેસે હેલિયોગ્રાફ વિકસિત કર્યો હતો. જે ૧૮૨૫ માં દુનિયાની પ્રથમ ઓળખ બની હતી, જે ફોટોગ્રાફની જરુરત પુરી કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. છેલ્લા ૨૦૦ વર્ષોમાં કેમેરાની ટેકનિકમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. હેલિયોગ્રાફથી લઈ મોબાઈલમાં અનેક પ્રકારના કેમેરાની શોધ થઈ છે. મોબાઈલ સાથે કનેક્ટ કરી કેમેરાની ટેકનોલોજી માં નવી ક્રાંતિ લાવી છે. મોબાઈલમાં તમામ ટેકનોલોજી હોય છે, જેનાથી સારો ફોટો ક્લિક કરી શકો છે. સ્લાઈડ શો, કોલાર્જ અને વિડીયો પણ બની શકે છે. આ તમામ પળો તમે મિનિટોમાં જ તમારા પરિવારજનોને મોકલી શકો છે.

આજે પણ અનેક પ્રિયજનોની ફોટોગ્રાફી માટે વિશેષ ટેકનિક વાળા કેમેરામાં ઉપયોગમાં લેવાય છે. એવું માનવામાં આવે છે કે ફ્રાન્સના જોસેફ નિપેસે હેલીયોગ્રાફ વિકસાવ્યો હતો, જે ૧૮૨૫માં વિશ્વની પ્રથમ શોધ બની હતી. છેલ્લા ૨૦૦ વર્ષમાં કેમેરા ટેક્નોલોજીમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. હેલીયોગ્રાફથી લઈને મોબાઈલ સુધી અનેક પ્રકારના કેમેરાની શોધ થઈએવું માનવામાં આવે છે કે કેમરાને ફ્રાન્સના જોસેફ નિપેસે હેલીયોગ્રાફ વિકસાવ્યો હતો, જે ૧૮૨૫માં વિશ્વની પ્રથમ શોધ બની હતી. છેલ્લા ૨૦૦ વર્ષમાં કેમેરા ટેક્નોલોજીમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. હેલીયોગ્રાફથી લઈને મોબાઈલ સુધી અનેક પ્રકારના કેમેરાની શોધ થઈ. મોબાઈલ સાથે જોડાઈને કેમેરાએ ટેક્નોલોજીમાં નવી ક્રાંતિ લાવી અને દુનિયાના અબજો લોકોના હાથમાં કેમેરા લાવ્યા. મોબાઈલમાં જ ઘણી ટેક્નિક ઉપલબ્ધ છે, જેના દ્વારા તમે ફોટોને ઈચ્છિત આકાર આપી શકો છો. સ્લાઈડ શો, કોલાજ અને વીડિયો મૂવીઝ જાતે બનાવી શકો છો. એટલું જ નહીં, તમે આંખના પલકારામાં દૂર બેઠેલા તમારા પ્રિયજનને મોકલી શકો છો.

આજે પણ વિવિધ હેતુઓ માટે ફોટોગ્રાફી માટે ખાસ ટેકનોલોજી ધરાવતા કેમેરાનો ઉપયોગ કરવામાં આવે છે.એક જમાનો હતો જ્યારે મેળાઓમાં ફોટા પાડીને લોકો ખુશ થઈ જતા. લગ્ન હોય, જન્મદિવસ હોય, સામાજિક, ધાર્મિક હોય કે કોઈ પણ પ્રસંગ હોય, ફોટોગ્રાફર આવે ત્યારે રાહ જોતા અને ઘણી રાહત અનુભવતા. તે ફોટા લેતા અને થોડા દિવસોમાં એક આલ્બમ બનાવતા, પછી લોકો ફોટા જોઈને જૂની યાદો તાજી કરતા હતા. હવે આ બધુ રહ્યુ નથી. દરેક ક્ષણે હાથમાં મોબાઈલ કેમેરા હોય છે, જ્યારે ઈચ્છો ત્યારે ફોટા લો. જેથી હવે કેમેરા દૂરના ગામડાઓ અને ઝૂંપડાં સુધી પહોંચી ગયા છે. પર્યટનને પ્રોત્સાહન આપવા માટે કેમેરા પણ મહત્વનું માધ્યમ છે. જ્યારે કોઈ પ્રવાસી કોઈ સ્થળને લગતો કોઈ આકર્ષક ફોટો કે વીડિયો જુએ છે ત્યારે તેના મનમાં પણ તેને જોવાની ઈચ્છા જન્મે છે. જ્યારે પ્રવાસીઓ સુંદર ચિત્રો લે છે, ત્યારે તે તેમના માટે યાદગાર બની જાય છે અને જ્યારે આ ચિત્રો પ્રસારિત થાય છે, ત્યારે પ્રવાસન વિકાસનું એક શક્તિશાળી માધ્યમ બની જાય છે.

જીવનની દરેક ક્ષણને યાદગાર બનાવવાની ઈચ્છાએ કેમેરાનું મહત્વ બમણું કર્યું છે અને તેને જીવનશૈલીનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવી દીધો છે.



જાણ્યું અજાણ્યું

ડો.મિહિર એમ.વોરા

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# ભુજમાં વ્યાજખોરીથી મુક્તિ માટે યોજાયેલ લોકસંવાદમાં હોલ ટુંકો પડ્યો

**પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા અગાઉ પણ આવા સંવાદનુ આયોજન કરી લોકોને ધારાધોરણ મુજબ લોન અથવા પૈસા મળે તેવુ આયોજન કરાયુ હતુ સાથે વ્યાજખોરો સામે ફરીયાદ માટે પણ પ્લેટફોર્મ પુરૂ પડાયુ હતુ ત્યારે બીજા લોકસંવાદમા પણ અનેક પ્રશ્નો પોલીસ સમક્ષ આવ્યા હતા જેના પર કામગીરી કરવાની ખાતરી પોલીસે આપી હતી.મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા પોલીસ ભવનનો હોલ ટુંકો પડ્યો હતો.**







ભુજ તા.૨૮

સામાન્ય લોકોને વ્યાજખોરીના દૂષણમાંથી મુક્તિ મળે તે માટે પોલીસ દ્વારા ફરી લોકસંવાદનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમાં બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે સંકલન કરી ઊંચા વ્યાજદરે નહી પરંતુ કાયદેસર રીતે લોકોને કઇ રીતે ધિરાણ મળે તથા લોકોને સતાવતા પ્રશ્નો અંગે લોકસંવાદનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા સંવાદ કરીને નાગરિકોની રજૂઆતો સાંભળવામાં આવી હતી અને લોકોને બેંક મારફતે લોન અપાવીને પોલીસ દ્વારા સેવા, સુરક્ષા અને શાંતિનું સૂત્ર સાર્થક કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ સંવાદમાં પશ્ચિમ કચ્છના એસપી તથા આઈજીપી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તો મોટી માત્રામાં અરજદારો પણ જોડાયા હતા. કુલ ૧૦ જેટલા અરજદારોએ પોતાની રજૂઆત કરી હતી. ભુજ પોલીસ તાલીમ ભવન ખાતે યોજયેલા આ લોકસંવાદ અને લોન મેળામાં પોલીસે અરજદારો ની ફરિયાદો સાંભળી હતી અને તેનો યોગ્ય નિકાલ લાવવા માટે ખાતરી આપી હતી. ભુજના રમેશ ભાનુશાલીએ વ્યાજખોરીના ત્રાસ અંગે ફરિયાદ લખાવી હોવાનું તેમજ ૧૨ લાખની સામે ૨૦ લાખનું મંડપ સર્વિસનું કામ કર્યા હોવા છતાં હજુ પણ વ્યાજખોર દ્વારા હેરાન કરવામાં આવી રહ્યા હોવાનું તેમજ ફોજદારી કેસ કરીને સિક્યુરિટીના ભાગે ચેક લઈ પરત ના આપવા બાબતે અરજી કરી હતી.તો ભુજના જ યશ રાજગોર નામના યુવકના પિતાએ મોટી રકમ વ્યાજે લીધી હતી જેમાં ૪ જેટલા લોકો દ્વારા ધાક ધમકી કરી મારી નાખવાની વાત પણ આપવામાં આવી રહ્યા હોવાની વાત પોલીસ સમક્ષ રજુ કરી હતી. તો રકમ પરત કરવા તેમજ વ્યાજ ભરવા માટે ઘર તેમજ વાડી વેંચીને રકમ આપ્યા છતાં પણ હજુ વ્યાજખોર દ્વારા ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યાં હોવાનું જણાવવામાં આવ્યું હતું. તો લોક સંવાદ દરમ્યાન ભુજની એક મહિલાએ વ્યાજ પર ૧૦૦૦૦ રૂપિયા લીધા હતા અને તેના બદલામાં ૧૫૦૦૦ રૂપિયા આપ્યા હોવા છતાં હજુ પણ વ્યાજખોરો ત્રાસ આપતા હોવાનું વાત પોલીસ સમક્ષ કરી હતી.લોક સંવાદમાં આવેલી જુદી જુદી બેંકના પ્રતિનિધિઓએ બેંકની જુદી જુદી લોન અંગે લોકોને માહિતી આપી હતી. આઈજીપી ચિરાગ કોરડીયાએ જણાવ્યું હતું કે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા બીજી વખત આવું આયોજન કરાયું છે. અગાઉ પણ નિયમ, ધારાધોરણ મુજબ લોકોને લોન આપવામાં આવી હતી. જાગૃતિના અભાવે કે સંકોચમાં લોકો બેંકમાં જતા નથી અને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાય છે. બાદમાં આપઘાત સહિતના અનિચ્છનિય પગલાં ભરી લેતા હોય છે. આવું ન થાય તે માટે પોલીસે પ્લેટફોર્મ પૂરું પાડયું છે. અગાઉ પોલીસ થકી લોકોએ લોન લીધી હતી તે તમામ લોકોએ સમયસર લોનની ચૂકવણી કરી છે. હજુ પણ કોઇ વ્યાજખોરોનો ત્રાસ હોય તો નિશ્ચિંતપણે પોલીસનો સંપર્ક કરવા તેમણે જાહેર અપીલ કરી હતી.



# અને પ્રમુખસ્વામી નગરમાં રોડને પગ આવ્યા...



કરોડો રૂપીયાના ખર્ચ વિકાસ માટે અને ખાસ કરીને શહેરની સુખાકારી વધે એ માટે સરકાર કરોડો રૂપીયાની ગ્રાન્ટ તો ફાળવે છે. પરંતુ સમંયાતરે તેમા ભ્રષ્ટ્રાચારી આંખલાઓ ખાયકી કરતા હોવાની ફરીયાદો પણ ઉઠે છે. ઘણીવાર તો ભ્રષ્ટ્રાચારના બોલતા પુરાવા સામે આવે છે પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી અને તેથીજ હજુ પણ આવી પ્રવૃતિ અવીરત ચાલુ છે. સરકાર માને કે ન માને. ત્યારે આવાજ બોલતા પુરાવા સમાન ઘટના સામે આવી છે. ભુજમાં ગુરૂવારે થોડો વરસાદ પડ્યા બાદ અનેક સ્થળે પાણી ભરાયા હતા અને લોકોને પારાવાર મુશ્કેલી થઈ હતી ત્યારે પ્રમુખ સ્વામીનગરમાં આવેલી સરકારી વસાહત, સિદ્ધિ વિનાયક સોસાયટી,કતીરા કોમ્પલેક્ષ માં નવો જ બનેલો રોડ વરસાદમાં જાણે તણાઈને આગળ આવી ગયો હોય તેવા તસ્વીરો સામે આવી છે. જાણે વિકાસને પગ આવ્યા હોય તેમ રોડ ચાલીને આગળ વધતો હોય તેમ ડામર ઉખડી ગયો હતો. તો કયાક ગાબડા પડ્યા હતા જો કે ચોમાસામાં આવા દ્રશ્ર્યો સામાન્ય છે.પરંતુ કલેકટકથી લઈ તંત્રની વડી કચેરીઓ જ્યા આવેલી છે ત્યાજ આવુ નબળુ કામ ઘણુ કહી જાય છે. લોકોએ તસ્વીર સાથે સવાલો પણ ઉઠાવ્યા હતા. પરંતુ આ નબળી કામગીરી ની તપાસ થશે? કે નહી તે મોટો સવાલ છે.

# ભચાઉમાં વ્યાજખોરો કાયદાના સંકજામાં !



ગાંધીધામ તા.૨૮

રાજ્યના પોલીસ મહાનિર્દેશક દ્વારા પોલીસ તથા પ્રજા વચ્ચે પરસ્પર સંવાદનો હેતુ નિર્માણ કરવાના ઉદેશથી લોકોપયોગી સકારાત્મક કામગીરીના ભાગ રૂપે વ્યાજખોરીની બદી દુર કરવા તેમજ આ બદીના પરીણામે ગંભીર બનાવો બનતા અટકાવવા આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસે આદરેલ અભિયાન અંતર્ગત તા.૨૬/૦૬ ના પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલ ગાંધીધામ મધ્યે લોકસંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ લોકસંવાદ કાર્યક્રમમાં વ્યાજખોરો વિરૂધ્ધની લોકોની રજુઆતો સાંભળવામાં આવી, જે રજુઆતો અને તથ્યોને આધારે ભચાઉં વિભાગમાં ડાયાભાઈ ખુમાણ દાફડા (રહે. વોંધ તા.ભચાઉ) અને રાજેશ વિનોદ દવે (રહે.વોંધ તા.ભચાઉ), અને સંદીપ ઉર્ફે સુરીયો લવજી રાઠોડ (રહે. ભચાઉ) વિરૂદ્ધ વ્યાજખોરીના ધ ગુજરાત નાણા ધીરનાર અધિનિયમ મુજબના ગુના દાખલ કરી ધરપકડ કરવામાં આવેલ છે. આરોપીઓ પાસેથી મોબાઈલ નંગ ૧ રૂ.૧૩,૦૦૦, એક્સિસ બેઠકના ૧૧ ચેક,૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર મકાન ગીરો આપ્યાના લખાણ તથા ફોર વ્હીલ ગાડી ઉપર રકમ લીધાનું લખાણ વગેરે કબ્જે કરવામાં આવેલ, જ્યારે વોંધના બે આરોપીઓ દિલીપ પ્રવીણ પંડ્યા અને મનીષ નવીન ઠક્કર તેમજ રાપર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો આરોપી પ્રદિપસિંહ ગંભીર સિંહ સોઢા (રહે ડાભુંડા) ને પણ પકડવાનો બાકી છે ઉંચા વ્યાજદરોમાં સપડાતા લોકોને વિના સંકોચે નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પોલીસ દ્વારા અનુરોધ કરાયો છે.

# રામ રાખે તેને કોણ ચાખે...! કુકમામાં ઘટી ચમત્કારિક ઘટના

**મમરાના કોથળામાં ઉપરથી બરાબર બાંધી પેક કરેલ નવજાત ત્યજેલી બાળકી કલાકો પછી બાવળની ઝાડીમાં હેમખેમ મળી આવી**



ભુજ તા.૨૮

તાલુકાના કુકમા ગામે આજે સવારે તાજી જન્મેલ ત્યજેલી બાળકી મળી આવતા ચકચાર મચી ગઈ છે.

ગામના ભોજનાલય પાછળના ભરચક રહેણાંક વિસ્તારમાં આવેલા મકાનો વચ્ચે એક અવારૂ ખાલી પ્લોટની બાવળની ઝાડીમાં એક મમરાના કોથળામાં પેક કરેલી બાળકી મળી આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર આ ખાલી પ્લોટની આસપાસ રહેતા લોકોને સવારે બાળક રડવાનો અવાજ સંભળાતો હતો, શરૂઆતમાં તો કોઈ ઘરમાં બાળક રડતું હશે એમ સમજી કોઈએ ધ્યાન આપ્યું નહીં, પરંતુ સતત રડવાનો અવાજ સાંભળી પ્લોટ સામે રહેતા એક બહેને બહાર નીકળી અવાજની દિશામાં આગળ વધતા અવાજ પ્લોટની બાવળની ઝાડીમાં આવતો હોવાનું જણાયું હતું, નજીક જઈ જોતાં ઝાડીમાં એક કોથળો પડેલો હતો, તેમાં હલચલ થતી જોઈ તેમણે આજુ બાજુના રહેવાસીઓને બોલાવી ત્યાં જોતાં એક મમરાનો કોથળો જે ઉપરથી દોરીથી બાંધેલો હતો તે ખોલતાં તેમાંથી નવજાત બાળકી મળી આવી હતી, આ વાત વાયુ વેગે ગામમાં ફેલાતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે એકઠા થઇ ગયા હતા.

ગ્રામ પંચાયતના સભ્ય અને યુવક મંડળના પ્રમુખ ઉત્તમ રાઠોડે બનાવની પદ્ધર પોલીસને જાણ કરતા તરત પોલીસ આવી પહોંચી હતી, દરમ્યાન બાળકીને સારવાર માટે પ્રથમ કુકમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી હતી, જ્યાં મેડિકલ ઓફીસર ધારાબેન અને તેમની ટીમે બાળકીને સંભાળ પૂર્વક રાખી કપડાં પહેરાવ્યા હતા, ત્યાર બાદ ૧૦૮ બોલાવી તાત્કાલિક બાળકીને ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડાઈ હતી.

આશ્ચર્ય એ વાતનું છે કે કોથળામાં ઉપર બાંધેલી હાલતમાં કલાકો સુધી આ બાળકી હેમખેમ રહી, તે પ્રભુનો ચમત્કાર જ કહેવાય, નજરે જોનારા નું કહેવું છે કે તાજું જન્મેલ બાળક આ પરિસ્થિતિમાં ગુંગળાઇ જ જાય.

આ મનમોહક બાળકીને જોઈ સાત આઠ પરિવારોએ બાળકીને અપનાવવા તૈયારી દર્શાવી હતી, જોકે એ લાંબી કાયદાકીય પ્રક્રિયા હોવાથી હાલતો બાળકી સ્વસ્થ બને તે દિશામાં ધ્યાન કેન્દ્રીત કરાયું છે.

પદ્ધર પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ગોહિલે બાળકીને કોણ ત્યજી ગયું છે તે દિશામાં સીસીટીવી કેમેરા વગેરેની મદદથી તપાસ હાથ ધરી છે. વિકસિત એવા ગામે આ ઘટનાએ ઘણા પ્રશ્નો ઉભા કરી દીધા છે.

# રાપરમાં વરસાદે ધડબડાટી બોલાવી દોઢ ઈંચ વરસાદથી પાણી પાણી...

**અન્ય શહેરની જેમ રાપરમાં પણ થોડા વરસાદમા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો માત્ર દોઢ ઇંચ વરસાદમાં શહેરના અનેક વિસ્તારોમાં જાણે નદી વહેતી હોઇ તેવા દ્રશ્ર્યો સર્જાયા હતા સ્થાનીક લોકોએ પ્રિ મોન્સુન કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા હતા**









રાપર

નખત્રાણા,ભુજ,માંડવી સહિત કચ્છના મથકો તથા ગ્રામ્ય વિસ્તારમાં ગુરૂવારે વરસાદે હેત વર્ષાવ્યા બાદ શુક્રવારે પણ કચ્છમાં બફારા વચ્ચે છુટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ત્યારે શુક્રવારે સાંજે વાગડ વિસ્તારના રાપર તાલુકામાં મેઘરાજાની મહેર થઈ હતી જો કે લોકો ને આશા હતી તે મુજબ વરસાદ ન પડ્યો પરંતુ સાંજે પાંચ વાગ્યાની આસપાસ વરસાદે ધબધબાટી બોલાવતા માત્ર અડધા કલાક મા દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો આ અંગે નાયબ મામલતદાર શિવા રાજપૂતે માહિતી આપી હતી શુક્રવારે જોરદાર વરસાદ પડતાં શહેરની ગલીઓમાં પાણી ભરાઈ ગયા હતા. અને નગરપાલિકાની પ્રિ મોન્સૂન ની કામગીરી ની પોલ ખુલી ગઈ હતી. રાપર શહેરના આથમણા નાકા, શંકરવાડી, તકિયાવાસ, સલારી નાકા, ગેલીવાડી, પ્રાગપર ચોકડી, પોલીસ લાઈન, તિરૂપતિ નગર, સહિતના વિસ્તારમાં ભારે પાણી વહી નિકળ્યા હતા દુધડેરી બજાર સમિતિ વિસ્તારમાં દોઢ ઈંચ વરસાદ થી પાણી ભરાયા હતા તો આથમણા નાકા પાસે વરસાદના પાણી માટે યોજના છે પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ સાફ સફાઈ ના કરવામા આવતા રોડ પર પાણી વહેતું હતું શંકર વાડી તથા આથમણા નાકા વિસ્તારમાં પાણી ભરાયા હતા વરસાદના લીધે શહેર ની બજાર જાણે નદી મા ફેરવાઈ ગઈ હોય તેવા દ્રશ્ર્યો સર્જાયા હતા. તો ન માત્ર રાપર પરંતુ રાપરના નંદાસર, રવ, નિલપર, ડાભુડા, સઈ, ચિત્રોડ, પ્રાગપર, સહિત પ્રાંથણ તથા ખડીર વિસ્તારના રામવાવ, સુવઈ, વિસ્તારમાં અડધા થી એક ઈંચ વરસાદ ગાજવીજ સાથે પડ્યો હતો

# મુંદરા અદાણી કંપનીના સ્ટોરેજમાં સવા ત્રણ લાખની કોપર પ્લેટના ચોરો ઝડપાયા



ભુજ તા.૨૮

મુંદરા પોલીસે અદાણી કચ્છ કોપર કંપનીના પ્લાંટના સ્ટોરેજ યાર્ડમાં થયેલ કોપર કેથોડ સ્ટ્રેપ પ્લેટોની ચોરીનો ભેદ ઉકેલી મોટા કાંડાગરાના બે ઈસમોને ઝડપી પાડ્યા છે. મુંદરા પોલીસ મથકે નોંધાયેલા ગુના મુજબ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ અદાણી કંપનીના પ્લાન્ટ સ્ટોરેજ સ્ટોર માંથી કોપર કેથોડ પ્લેટ નંગ ૬, અંદાજિત વજન ૪૩૮ કિલોગ્રામ જેની કિંમત રૂ.૩,૨૦,૦૦૦ તા.૪ થી ૧૯ જૂન વચ્ચે કોઈ પણ સમયે ચોરી ગયેલ, આ ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી પાડવા મુંદરા પોલીસ ઈન્સ્પે. જે.વી.ધોળાના માર્ગદર્શન તથા સુચના મુજબ મુંદરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ નાઈટ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન એ.એસ.આઈ. દિનેશ ભટ્ટીને એક ઈસમ શંકાસ્પદ જણાતાં તેની અટક કરી યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા તેણે કોપર પ્લેટો ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું, જેથી આ ગુનામાં તેની સાથે સંકળાયેલા અન્ય ઈસમની ભાળ મેળવી, બંન્ને ઈસમો હરદિપસિંહ લઘુભા ખોડ ઉ.વ.૨૮ (રહે.મોટા કાંડાગરા) અને યુવરાજસિંહ ઉર્ફે ડાડા જુવાનસિંહ જાડેજા ઉ.વ.૨૩ (રહે.મોટા કાંડાગરા)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વિરમગામ રેલ્વે પોલીસના નાસતા ફરતા આરોપીને માનકુવા પોલીસે પકડી પાડ્યો



ભુજ તા.૨૮

નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડી ગુનાઓ અટકાવવા કાર્યવાહી કરવાની પોલીસ વડાની સુચના અનુસંધાને માનકુવા ઈ/ચા.પોલીસ ઈન્સપેક્ટર એચ. એચ.બ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા,

તે દરમ્યાન એ.એસ.આઇ. પંકજકુમાર કુશવાહ ને બાતમી કે મળેલ વિરમગામ રેલ્વે પોલીસ સ્ટેશનના ડ્રગ્સના ગુનાનો નાસતો ફરતો આરોપી ભારાસર ગામની સીમમાં આવેલ ભુતનાથ મહાદેવના મંદિરમાં છે, જેથી જરૂરી વર્ક આઉટ કરી આરોપી રોનક પ્રવિણ ઠક્કર (રહે હાલે. અંતરજાળ મુળ ચેખલા (ખીમાણા) બનાસકાંઠા)ને પકડી પાડી પોલીસ સ્ટેશન લાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપી પાસેથી એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦, આધારકાર્ડ બનાવ્યાની સ્લીપ હસ્તગત કરાયા હતા.